સભાગૃહમાં રજૂ થયા તા. ....................

સત્યમેવ જયતે

16 MAR 2017

# જાહેર હિસાબ સમિતિ

## છઠ્ઠો અહેવાલ

## તેરમી ગુજરાત વિધાનસભા

(સન ૨૦૦૮-૦૯ના વર્ષના સી.એ.જી.ના ઓડિટ અહેવાલ (મુલ્કી) પરનો ગૃહ વિભાગને સંબંધિત અહેવાલ)

(ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત)

**ગુજરાત વિધાનસભા સચિવાલય**
**વિઠ્ઠલભાઇ પટેલ ભવન,**
**ગાંધીનગર**

**(કિંમત - ...........)**

# જાહેર હિસાબ સમિતિ

**(સન ૨૦૧૬-૨૦૧૭)**

## પ્રમુખશ્રી

શ્રી શક્તિસિંહ ગોહિલ

## સભ્યશ્રીઓ

શ્રી પરબતભાઇ પટેલ

શ્રી બળદેવજી ઠાકોર

શ્રી રાકેશ શાહ

શ્રી જગરૂપસિંહ રાજપૂત

શ્રી ભૂષણભાઇ ભટ્ટ

શ્રી શૈલેષભાઇ પરમાર

શ્રી રજનીકાંત પટેલ

શ્રી બાવકુભાઇ ઉંઘાડ

શ્રી જીતેન્દ્રભાઇ વાઘાણી

શ્રી રામસિંહ પરમાર

શ્રી મોહનસિંહ રાઠવા

શ્રી જીતેન્દ્ર સુખડીઆ

શ્રી દુષ્યંતભાઇ પટેલ

શ્રી રણજીતભાઇ ગીલીટવાલા

## ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી એમ. એમ. પરીખ, નાયબ સચિવ

શ્રીમતી ડી. બી. શાહ, સેકશન અધિકારી

# અહેવાલ

૧. હું, જાહેર હિસાબ સમિતિનો પ્રમુખ, સમિતિ વતી તેરમી ગુજરાત વિધાનસભાનો છઠ્ઠો અહેવાલ રજૂ કરું છું.

૨. ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૦૮–૦૯નો ઓડિટ અહેવાલ (મુલ્કી) તા.૧૯મી ડિસેમ્બર, ૨૦૦૯ના રોજ સભાગૃહમાં રજૂ થયો હતો. ઉકત અહેવાલમાં સમાવિષ્ટ વિભાગોને લગતા ફકરાઓ સંબંધમાં આ સચિવાલયની તા.૧૧મી જાન્યુઆરી, ૨૦૧૦ની યાદીથી વિભાગોને ૯૦ દિવસમાં ખુલાસા મોકલવા જણાવવામાં આવ્યું હતું. તેના અનુસંધાને પોલીસ દળના આધુનિકીકરણને લગતા ફકરાઓ પરના ખુલાસા ગૃહ વિભાગે તા.૫મી જૂન, ૨૦૧૦ના રોજ સમિતિને મોકલી આપ્યા હતા. સન ૨૦૦૮–૦૯ના ઓડિટ અહેવાલ (મુલ્કી)માં સમાવિષ્ટ ફકરા ક્રમાંક–૧.૧ પોલીસ દળના આધુનિકીકરણને લગતા ગૃહ વિભાગ સંબંધિત ફકરાઓ પરની તપાસ સમિતિએ તેની તા.૭/૭/૨૦૧૫, તા.૪/૮/૨૦૧૫ અને તા.૧૩/૧૦/૨૦૧૫ના રોજ મળેલી બેઠકોમાં હાથ ધરી હતી. સમિતિએ કરેલી તપાસ દરમ્યાન વિભાગના પ્રતિનિધિઓએ કરેલા ખુલાસા તેમજ વિભાગ દ્વારા મોકલવામાં આવેલી વધારાની માહિતીના આધારે સમિતિએ આ ફકરા પરની તપાસ અંગે અલગ અહેવાલ રજૂ કરવાનો નિર્ણય કર્યો હતો અને તે સંબંધે માનનીય અધ્યક્ષશ્રીની મંજૂરી પણ મેળવવામાં આવી છે.

3. સમિતિએ તેની **તા.૭/૨/૨૦૧૭** ના રોજ મળેલી બેઠકમાં આ અહેવાલને મંજૂરી આપી હતી.

૪. ભારત સરકારે રાજયના પોલીસદળની કાર્યક્ષમતા અને અસરકારકતામાં વધારો થાય અને આંતરિક સલામતી સામે આવતા પડકારોનો અસરકારક રીતે સામનો કરવા સમર્થ અને આધુનિક બનાવવા પોલીસ દળોના આધુનિકીકરણની (MOPF) યોજના અમલમાં મૂકી હતી. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ પોલીસ સ્ટેશન સ્તરે વધારાનું આંતરમાળખું જેવું કે વાહનો, આધુનિક શસ્ત્ર સરંજામ, સંદેશાવ્યવહારના સાધનો વિ. પૂરું પાડવાનો હતો અને તે માટે સન ૨૦૦૩–૦૪થી ભંડોળની ફાળવણી કરી હતી. આ સંબંધમાં ગુજરાત સરકારે પોલીસ દળના આધુનિકીકરણ કરવા માટેની સુગઠીત યોજના (પર્સ્પેકટીવ પ્લાન) દર પાંચ વર્ષે તૈયાર કરીને તે મુજબ વાર્ષિક કામગીરી યોજનાઓ સુગઠીત યોજનામાં સામેલ કરી સમયસર ભારત સરકાર સમક્ષ રજૂ કરવાની રહેતી હતી. તદુપરાંત યોજના માટે મંજૂર થયેલ નાણાંનો યોજનામાં દર્શાવેલ હેતુ માટે જ મહત્તમ ઉપયોગ કરવાનો રહેતો હતો. વિભાગ દ્વારા આ બાબતને નજર અંદાજ કરવામાં આવી હોવાનું ઓડિટના ધ્યાનમાં આવ્યું હતું. સમિતિએ ઓડિટે ધ્યાન દોરેલ ફકરાઓ સંબંધમાં વિગતે તપાસ હાથ ધરી હતી અને જે તે ફકરાના અનુસંધાનમાં નીચે મુજબ અવલોકનો કર્યા હતા.

૫. **ફકરા ક્રમાંક :- ૧.૧.૮.૧ પર્સ્પેક્ટીવ પ્લાન ન બનાવવા બાબત.**

ઓડિટ અહેવાલના આ ફકરામાં જણાવ્યા મુજબ રાજ્યના પોલીસ દળની જરૂરિયાતોને લક્ષમાં લઈ તેના માટે નાણાંની ફાળવણી કરવા માટે ભારત સરકારની માર્ગદર્શિકાઓ મુજબ વર્ષ ૨૦૦૦-૦૧થી શરૂ કરીને દર પાંચ વર્ષે યોજનાનો સુગઠીત પ્લાન તૈયાર કરીને કેન્દ્ર સરકાર સમક્ષ રજૂ કરવાનો હતો અને તે મુજબ કરવાની વાર્ષિક કામગીરી યોજનાઓ સુગઠીત પ્લાનમાં સામેલ કરવાની હતી. સુગઠીત પ્લાન કેન્દ્ર સરકાર સમક્ષ રજૂ કરતાં પહેલાં તેને રાજ્ય સ્તરની સંકલન સમિતિ દ્વારા ચકાસી જવાનો હતો. રાજ્ય સ્તરની સંકલન સમિતિની ફેબ્રુઆરી ૨૦૦૭ સુધીમાં રચના જ થયેલ ન હોવાથી, DG & IGP એ તૈયાર કરેલ વર્ષ ૨૦૦૦-૦૫ અને ૨૦૦૬-૧૧ માટેની સુગઠીત યોજનાઓની સમિતિ દ્વારા ચકાસણી થયેલ ન હતી.ઓડિટને વિભાગે જણાવ્યું હતું કે તૈયાર કરવામાં આવેલા પ્લાનમાં ઉણપ અને અપૂરતી માહિતીઓને લીધે વર્ષ ૨૦૦૮માં પણ તે રાજ્ય સ્તરની સંકલન સમિતિ સમક્ષ રજૂ કરી શકાયેલ ન હતો. આ બાબતને એપ્રિલ ૨૦૦૯માં DG & IGPની કચેરી દ્વારા પણ સમર્થન મળેલ હતું. ઓડિટે વધુમાં નોંધ્યું હતું કે પાંચ વર્ષના સુગઠીત પ્લાનની રાજ્ય સરકાર દ્વારા ચકાસણી અંગે ભારત સરકાર દ્વારા ફરજિયાત બનાવાયેલ જરૂરિયાતનું પાલન થયેલ ન હોઈ તેમજ વિભાગે જરૂરી પ્લાનીંગ પ્રત્યે અપનાવેલ અણઘડ અભિગમ તેમજ વાર્ષિક આયોજનના અભાવને કારણે યોજના અસરકારક રીતે અમલી બની નહીં અને ફાળવાયેલ નાણાંનો મહત્તમ ઉપયોગ થઈ શક્યો નહિ.

૬. સમિતિને મોકલવામાં આવેલ લેખિત ખુલાસામાં વિભાગે જણાવ્યા મુજબ ગુજરાત પોલીસ દ્વારા પર્સ્પેક્ટીવ પ્લાન રજૂ કરવામાં આવ્યો હતો ,પરંતુ ભારત સરકાર અને ગુજરાત સરકાર વચ્ચે કોમ્યુનિકેશન ગેપને કારણે સ્ટેટ લેવલ એમ્પાવર્ડ કમિટિની સમયસર રચના થયેલ ન હતી, હવે તેની રચના થઈ ગયેલ છે. વિભાગે વધુમાં જણાવ્યું હતું કે પોલીસ આધુનિકીકરણ યોજના હેઠળ પોલીસને સારી ગુણવત્તાવાળી વસ્તુ પૂરી પાડવાની હોઈ અમુક આઈટમ ગુજરાત પોલીસની જરૂરિયાત પ્રમાણે ન મળવાને કારણે સન ૨૦૦૦-૦૧થી ૨૦૦૬-૦૭ સુધીના નાણાં વણવપરાયેલ રહ્યાં હતાં, જે સન ૨૦૦૭-૦૮માં વણવપરાયેલ ગ્રાન્ટને પુન: માન્ય કરવા ભારત સરકારને દરખાસ્ત કરીને મંજૂરી મેળવ્યા બાદ સન ૨૦૦૭-૦૮માં નાણાં વાપરવામાં આવેલ છે.

૭. સમિતિ સમક્ષ ઉપસ્થિત થયેલ વિભાગના પ્રતિનિધિએ સમિતિને જણાવ્યું હતું કે ભારત સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે પત્રવ્યવહારની ક્ષતિને કારણે સ્ટેટ લેવલ એમ્પાવર્ડ કમિટિની સમયસર રચના થયેલ ન હતી અને તે કારણસર સુગઠીત યોજના કેન્દ્ર સરકાર સુધી ગઈ ન હતી. આ તબક્કે તેઓએ રજૂઆત કરી હતી કે કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય પોલીસ દળના આધુનિકીકરણ માટે જે નાણાં મળે છે તે ખૂબ જ સિમિત છે અને પાંચ વર્ષ માટે કેટલાં નાણાં મળશે તેની વિગત પણ આપવામાં આવતી નથી. આ સંબંધમાં સમિતિના પ્રમુખશ્રીએ પૃચ્છા

કરી હતી કે જો તમારે કેન્દ્ર સરકાર તરફથી ગ્રાન્ટ જોઈતી હોય તો ચોક્કસ માર્ગદર્શિકા મુજબ SLECની રચના કરીને તેના એપ્રુવલ સાથેની સુગઠીત યોજના તૈયાર કરી હોય તો જ MOPF માટે નાણાં મળે તે વાત સાચી? આ પૃચ્છા સાથે સંમત થતાં વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે SLEC ના અભાવે ફંડ મળ્યું નથી. આ ભૂલનો તેઓએ સ્વીકાર કર્યો હતો અને વધુમાં જણાવ્યું હતું કે અમોએ પાંચ વર્ષની એક વિગતવાર યોજના બનાવી છે અને તેને સુગઠીત યોજના તરીકે મંજૂરી આપવા કેન્દ્ર સરકાર સાથે પત્રવ્યવહાર ચાલી રહ્યો છે. SLEC શા માટે બનાવવામાં ન આવી તેના કોઈ ચોક્કસ કારણો હોય તો જણાવવા સમિતિએ પૃચ્છા કરતા, વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે ફાઈલ પર એટલી જ માહિતી છે કે પત્ર મળ્યો ન હતો.

૮. પત્ર મળ્યો ન હોવાને લીધે SLEC ની રચના કરવામાં આવેલ ન હતી અને તેથી સુગઠીત યોજના SLEC સમક્ષ રજૂ થઈ શકી ન હતી તે વાત સાથે સમિતિ સંમત થઈ શકે તેમ નથી, કારણ કે માર્ચ, ૨૦૦૭માં SLECની રચના થઈ ગયા પછી એપ્રિલ ૨૦૦૮માં ઓડિટને જણાવવામાં આવ્યું હતું કે તૈયાર કરવામાં આવેલ યોજનામાં ઉણપ અને અપૂરતી માહિતીઓને લીધે સુગઠીત યોજના સમિતિ(SLEC) સમક્ષ રજૂ કરવામાં આવી ન હતી. આમ થવાને કારણે ભારત સરકાર દ્વારા ફરજિયાત બનાવાયેલ સુગઠીત યોજનાની ચકાસણી અંગેની જરૂરિયાતનું પાલન થયેલ નથી. આ હકીકત ઉપરથી વિભાગે આયોજન પ્રત્યે અપનાવેલ અણઘડ અભિગમ તેમજ વાર્ષિક સુનિયોજિત આયોજનનો અભાવ સ્પષ્ટ દેખાઈ આવે છે. આ કારણસર યોજનાઓ અસરકારક રીતે અમલી બની નહીં તેમજ ફાળવેલ નાણાં વણવપરાયેલ રહ્યાં. **<u>સમિતિને કોમ્યુનિકેશન ગેપને કારણે SLEC ની રચના સમયસર થઈ શકી નહિ તેવો બચાવ સ્વીકાર્ય જણાતો નથી. કારણ કે સન ૨૦૦૦-૦૧થી યોજના શરૂ કરવામાં આવી હતી અને ફેબ્રુઆરી-૨૦૦૭ સુધી SLEC ની રચના કરવા સંબંધમાં વિભાગને કોઈ માહિતી જ ન હોય તેમ માનવાને કોઈ કારણ નથી. કેન્દ્ર સરકાર સાથે એક યા બીજી રીતે વિભાગનો સંપર્ક તો રહેતો જ હોય છે અને આ અંગે માહિતી મળી શકે તે હકીકત છે. ભારત સરકારની માર્ગદર્શિકા મુજબની સુગઠીત યોજના તૈયાર કરીને ન મોકલવાને કારણે જરૂરીયાત મુજબના નાણાં મળી શકયા નહિ. સુગઠીત યોજના તૈયાર કરવામાં ઉદાસીનતા અને SLEC ની રચના કરવામાં થયેલ અત્યંત વિલંબ બદલ જવાબદારી નક્કી કરીને જે કોઈ જવાબદાર હોય તેની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા અને સમિતિને તેની જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.</u>**

**૯. <u>વધુમાં સમિતિને લાગે છે કે રાજ્ય સરકાર પોલીસ દળના આધુનિકીકરણ માટે લાંબા ગાળાનો પ્લાન બનાવે તે અત્યંત જરૂરી છે અને આ પ્લાન રાજ્ય સ્તરની સંકલન સમિતિ (SLEC) મારફતે સમયસર કેન્દ્ર સરકારને મોકલવાનું સુનિયોજીત તંત્ર ગોઠવે જેથી ભવિષ્યમાં આ પ્રકારના પ્રશ્નો ઉપસ્થિત ન થાય. તેથી આ દિશામાં જરૂરી કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.</u>**

## ૧૦. ફકરા ક્રમાંક:- ૧.૧.૮.૨ વાર્ષિક યોજના રજૂ કરવામાં / મંજૂર થવામાં વિલંબ.

ઓડિટ અહેવાલના આ ફકરામાં જણાવ્યા મુજબ એપ્રુવલ ઓફ એન્યુઅલ પ્લાન (AAP) રાજ્ય સરકારે ભારત સરકાર દ્વારા નક્કી કરેલ નિર્ધારિત તારીખોએ દર વર્ષે રજૂ કરવાનો હતો. ભારત સરકાર દ્વારા નિર્ધારિત થયેલ તારીખો, રાજ્ય સરકાર દ્વારા (AAP) રજૂ થયાની વાસ્તવિક તારીખ અને ઓડિટ સમયગાળા દરમ્યાનની ભારત સરકાર દ્વારા મંજૂરીની તારીખોની વિગતો નીચેના ટેબલમાં આપવામાં આવેલ છે.

### વાર્ષિક કામગીરી યોજના (AAP) રજૂ કરવામાં થયેલ વિલંબ દર્શાવતું ટેબલ

| અનુક્રમ | વર્ષ | GOI ને AAP રજૂ કરવા માટેની નિર્ધારિત તારીખ | AAP રજૂ થયાની વાસ્તવિક તારીખ | GOI દ્વારા AAP મંજૂર કરાયેલ તે તારીખ | GOG દ્વારા થયેલ વિલંબ (દિવસો) | મંજૂરી માટે GOI એ લીધેલ સમય (દિવસો) |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૩-૦૪ | ૧૫-૦૫-૨૦૦૩ | ૨૦-૦૯-૨૦૦૩ | ૧૭-૧૨-૨૦૦૩ | ૧૨૮ | ૮૮ |
| ૨ | ૨૦૦૪-૦૫ | ૧૫-૦૬-૨૦૦૪ | ૧૦-૦૯-૨૦૦૪ | ૨૯-૧૧-૨૦૦૪ | ૮૭ | ૮૦ |
| ૩ | ૨૦૦૫-૦૬ | ૧૫-૦૫-૨૦૦૫ | ૨૨-૦૬-૨૦૦૫ | ૧૯-૦૯-૨૦૦૫ | ૩૮ | ૮૯ |
| ૪ | ૨૦૦૬-૦૭ | ૦૫-૦૫-૨૦૦૬ | ૦૮-૦૮-૨૦૦૬ | ૦૭-૦૯-૨૦૦૬ | ૯૫ | ૩૦ |
| ૫ | ૨૦૦૭-૦૮ | ૩૦-૦૪-૨૦૦૭ | ૧૪-૦૫-૨૦૦૭ | ૧૩-૧૧-૨૦૦૭ | ૧૪ | ૧૮૩ |
| ૬ | ૨૦૦૮-૦૯ | ૩૧-૧૨-૨૦૦૭ | ૨૨-૦૪-૨૦૦૮ | ૧૪-૦૮-૨૦૦૮ | ૧૧૩ | ૧૧૪ |

ઉક્ત ટેબલ જોતાં જણાશે કે ઓડિટના સમયગાળા દરમ્યાન રાજ્ય સરકારે એપ્રુવલ ઓફ એન્યુઅલ પ્લાન (AAP) રજૂ કરવામાં ૧૪ થી ૧૨૮ દિવસનો વિલંબ કરેલ છે. આના પરિણામે પ્લાનની મંજૂરીમાં પણ તે મુજબ ૩૦ થી ૧૮૩ દિવસ જેટલો વિલંબ થવા પામેલ છે. જેના લીધે અમલીકરણ કરનાર એજન્સીઓને પણ ભંડોળ તે જ વર્ષમાં વાપરવા માટે પૂરતો સમય મળ્યો ન હતો અને પરિણામે યોજનાઓ અસરકારક રીતે અમલી બની શકી નહિ અને ફાળવાયેલ નાણાં વણવપરાયેલાં રહેવા પામ્યા હતા. ઓડિટ સમક્ષ આ વિલંબ સંબંધમાં વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ભારત સરકારની હાઈ પાવર્ડ કમિટીની બેઠકમાં DGPએ યોજનામાં સુધારાઓ સૂચવ્યા હતા જેથી યોજનાને આખરી ઓપ આપવામાં વિલંબ થયો હતો. પરંતુ ઓડિટને જણાયું હતું કે AAPs એ આદર્શરુપ સુગઠીત યોજનાનો જ ભાગ હોઈ સબળ સુગઠીત યોજનાની ગેરહાજરી સમયસર AAPs બનાવવા માટે જવાબદાર હતી.

૧૧. ઓડિટ અહેવાલ પરના વિગતવાર ખુલાસામાં વિભાગે જણાવ્યા મુજબ ભારત સરકારની માર્ગદર્શિકા પ્રમાણે ઠરાવેલ તારીખોએ જ AAPs રજૂ કરવાની નોંધ રાખવામાં આવેલ છે તેમજ ભારત સરકાર દ્વારા ફાળવવામાં આવેલ તમામ ભંડોળનો પણ જે તે વર્ષમાં નિર્ધારિત સમયમાં જ મહત્તમ ખર્ચ કરવામાં આવે તે માટે પણ નોંધ રાખવામાં આવેલ છે.

૧૨. સમિતિની રુબરુ તપાસ વખતે સમિતિએ વિભાગ દ્વારા ઓડિટને આપવામાં આવેલ જવાબને ધ્યાનમાં લઈ અવલોકન કર્યું હતું કે વિલંબ થયો છે એ ટેકનીકલી સાચી વાત છે. **<u>ભવિષ્યમાં આવો વિલંબ ન થાય તે માટે ઠરાવેલ સમયગાળા દરમિયાન જે માહિતી આપવાની થતી હોય તે માહિતી તે સમયગાળા દરમિયાન જ પૂરી પાડવામાં આવે અને તે માટે એક ચોક્કસ વ્યવસ્થાતંત્ર ઉભું કરવામાં આવે તેવી સમિતિ ભલામણ કરે છે. તદુપરાંત કેન્દ્ર સરકાર તરફથી આપવામાં આવેલ નાણાંનો સમયસર ઉપયોગ કર્યા બાદ તેનું યુટિલાઈઝેશન સર્ટીફિકેટ સમયસર આપવામાં આવે તે માટે પૂરતી ચીવટ રાખવા સમિતિ ભલામણ કરે છે.</u>**

૧૩. **<u>ફકરા ક્રમાંક:- ૧.૧.૯ નાણાકીય સંચાલન</u>**

ઓડિટ અહેવાલના આ ફકરામાં જણાવ્યા મુજબ રાજ્યની વાર્ષિક યોજનાનું કદ રુ. ૧૦૦ કરોડ નક્કી થયું હોવા છતાં ભારત સરકારે દર વર્ષ માટે યોજનાની મહત્તમ મર્યાદા નક્કી કરીને રાજ્ય સરકારને તે મર્યાદામાં યોજના રજૂ કરવાની સૂચના આપી હતી. મંજૂર થયેલ યોજનાનું કદ, મંજૂર થયેલ યોજનાના સંદર્ભે ભારત સરકાર અને ગુજરાત સરકારનો હિસ્સો, કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ફાળવાયેલા નાણાં અને યોજના (૨૦૦૩-૦૯) અન્વયે થયેલ ખર્ચની વિગતો નીચેના ટેબલમાં આપવામાં આવેલ છે.

**(રૂપિયા કરોડમાં)**

| વર્ષ | મંજૂર થયેલ યોજના | હિસ્સો | | છુટાં કરાયેલ ભંડોળો | | કુલ | ખર્ચ | મંજૂર થયેલ યોજના સામે થયેલ ખર્ચ ટકાવારી | અધિક (+) બચત(-) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | GOI | GOG | GOI | GOG | | | | |
| ૨૦૦૩-૦૪ | ૯૮.૩૫ | ૫૯.૦૧ | ૩૯.૩૪ | ૪૨.૨૧ | ૬૦.૫૧ | ૧૦૨.૭૨ | ૯૦.૯૩ | ૯૨ | (-)૧૧.૭૯ |
| ૨૦૦૪-૦૫ | ૧૦૦.૨૫ | ૬૦.૧૫ | ૪૦.૧૦ | ૩૯.૫૪ | ૫૧.૩૫ | ૯૦.૮૯ | ૯૦.૨૨ | ૯૦ | (-)૦.૬૭ |
| ૨૦૦૫-૦૬ | ૯૨.૩૫ | ૬૯.૨૬ | ૨૩.૦૯ | ૩૯.૮૪ | ૭૨.૩૯ | ૧૧૨.૨૩ | ૮૮.૧૮ | ૯૫ | (-)૨૪.૦૫ |
| ૨૦૦૬-૦૭ | ૪૯.૩૩ | ૩૭.૦૦ | ૧૨.૩૩ | ૪૫.૫૨ | ૧૨.૩૪ | ૫૭.૮૬ | ૪૩.૦૫ | ૮૭ | (-)૧૪.૮૧ |
| ૨૦૦૭-૦૮ | ૫૩.૩૩ | ૪૦.૦૦ | ૧૩.૩૩ | ૪૮.૯૭ | ૧૯.૮૩ | ૬૮.૮૦ | ૩૧.૫૦ | ૫૯ | (-)૩૭.૩૦ |
| ૨૦૦૮-૦૯ | ૫૩.૩૩ | ૪૦.૦૦ | ૧૩.૩૩ | ૪૦.૦૦ | ૧૯.૯૪ | ૫૯.૯૪ | ૪૨.૪૩ | ૮૦ | (-)૧૭.૫૧ |
| **કુલ** | **૪૪૬.૯૪** | **૩૦૫.૪૨** | **૧૪૧.૫૨** | **૨૫૬.૦૮** | **૨૩૬.૩૬** | **૪૯૨.૪૪** | **૩૮૬.૩૧** | **૮૬** | **(-)૧૦૬.૧૩** |

ઉક્ત ટેબલમાં જણાવ્યા મુજબ ભારત સરકારે વર્ષ ૨૦૦૩-૦૯ દરમ્યાન રુ. ૩૦૫.૪૨ કરોડ આપવાને બદલે ફક્ત ૨૫૬.૦૮ કરોડ જ ફાળવ્યા હતા, જે નક્કી થયેલ હિસ્સા કરતા ૧૬ ટકા ઓછા હતા. એથી વિપરીત ગુજરાત સરકારે ૧૪૧.૫૨ કરોડની સામે ૨૩૬.૩૬ કરોડ એટલે કે ૧૬૭ ટકા ફાળવ્યા હતાં. કેન્દ્રીય સહાય ઓછી છૂટી કરવાના કારણોમાં રાજ્ય દ્વારા એકંદરે ભંડોળનો ઓછો ઉપયોગ તથા કેન્દ્રના નાણા મંત્રાલય દ્વારા યોજના માટેના ભંડોળમાં એકધારો ઘટાડો કારણભૂત છે. ઓડિટે નોંધ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા મંજૂર થયેલ યોજનાના ૮૬ ટકા સુધી નાણાં વપરાયા હોવા છતાં આ યોજનામાં સન ૨૦૦૬-૦૭માં

રુ. ૧૦૦ કરોડથી રુ. ૪૯.૩૩ કરોડ અને સન ૨૦૦૭–૦૮માં રુ. ૫૩.૩૩ કરોડ સુધીનો ઘટાડો પ્લાન અમલીકરણમાં વિલંબ તેમજ આંતર માળખાકીય ક્ષતિઓ ન નિવારી શકવાને કારણે પરિણમ્યો હતો.

૧૪. ઓડિટ ફકરાના લેખિત ખુલાસામાં વિભાગે જણાવ્યું હતું કે ઓડિટના સમયગાળા દરમ્યાન રાજ્ય સરકારે તેઓને પૂરેપૂરો ફાળો આપેલ છે તેમ છતાં આ ગાળા દરમ્યાન દરેક વર્ષોએ રાજ્ય સરકારે ૮૦ ટકા કે તેથી વધુ ખર્ચ કર્યો છે. સન ૨૦૦૭–૦૮માં અમદાવાદ શહેર માટે મેગા સીટી કમ્પોનન્ટ અંતર્ગત ડિજિટલ રેડીયો ટ્રંકીંગ સિસ્ટમ (૭.૯૦ કરોડ)ની ખરીદી ટેન્ડર ઈવેલ્યુશન તથા ટેસ્ટીંગ દરમ્યાન ઉપલબ્ધ ટેકનોલોજી પર્યાપ્ત નહીં હોવાના કારણે ડિજિટલ રેડીયો ટ્રંકીંગ સિસ્ટમ કાર્યાન્વિત કરી શકાઈ નથી, જેના કારણે સન ૨૦૦૭–૦૮ દરમ્યાન મંજૂર થયેલ યોજનાના માત્ર ૫૯ ટકા ખર્ચ થયેલ છે.

૧૫. સમિતિને મોકલવામાં આવેલા લેખિત ખુલાસામાં વિભાગે જણાવ્યા મુજબ ડિજિટલ રેડિયો ટ્રંકીંગ સિસ્ટમ ખરીદ કરવા માટે ઓક્ટોબર–૨૦૦૭ થી પ્રક્રિયા શરુ કરવામાં આવી હતી અને ડિસેમ્બર–૨૦૦૮માં ઈ–ટેન્ડરનું કોમર્શિયલ બીડ ખોલવામાં આવ્યું હતું. ફિલ્ડ ટ્રાયલ દરમિયાનના ડેમોમાંથી સાઈટથી આખું શહેર કવર થઈ શકે તે માટે ડિજિટલ રેડિયો ટ્રંકીંગ વાયરલેસ નેટવર્ક લેટેસ્ટ આઈ.પી.સ્ટાન્ડર્ડ ઉપર આધારિત હોવાનું જણાતાં વેન્ડરોને વધારાની સાધન સામગ્રી માટે દિન–૧૦માં બીડ રજૂ કરવા મુદત આપવામાં આવેલ હતી. આમ, વિભાગ દ્વારા સિસ્ટમને કાર્યાન્વિત કરવા પૂરેપૂરા પ્રયાસ કરવામાં આવેલ છે.

૧૬. સમિતિ સમક્ષ રુબરુ તપાસ વખતે વિભાગના પ્રતિનિધિએ સમિતિને જણાવ્યું હતું કે ૨૦૦૭–૦૮ દરમ્યાન મેગાસિટી કોમ્પોનન્ટમાં રેડિયો ટ્રંકીંગ સિસ્ટમ માટે લગભગ આઠેક કરોડની ખરીદી માટેનું ટેન્ડર હતું. તેમાં ટેકનોલોજી પર્યાપ્ત ન હોવાના કારણે આ પરિસ્થિતિ પરિણમી હતી. એપ્રુવલ ઓફ એન્યુઅલ પ્લાનમાં જે એપ્રુવલ હતી તે મુજબ ટેન્ડર પ્રક્રિયા થઈ હતી કે કેમ? તેવી સમિતિની પૃચ્છાના જવાબમાં વિભાગના પ્રતિનિધિએ સમિતિને જણાવ્યું હતું કે એપ્રુવલ ઓફ એન્યુઅલ પ્લાનના તબક્કે વિગતવાર સ્પેસિફિકેશન સાથે પ્રપોઝલ જતી નથી પરંતુ એક પ્રાથમિક પ્લાન હોય છે અને તેમાં હેડ દર્શાવવામાં આવે છે અને બતાવવામાં આવે છે કે અમે આટલા નાણાં આ પ્રોજેક્ટ માટે વાપરવા માગીએ છીએ અને સાથે તેની એક ટૂંકી નોંધ રજૂ કરવામાં આવે છે. રેડિયો ટ્રન્કીંગ સિસ્ટમ મેગા સિટી કોમ્પોનન્ટમાં બે વર્ષમાં વિભિન્ન વિભિન્ન હેડમાં મંજૂર થયેલો એક કાર્યક્રમ હતો. ત્યાર પછી અમદાવાદ સીટીમાં અધિકારીઓ દ્વારા વિભિન્ન માહિતી મેળવીને ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી એટલે એપ્રુવલ ઓફ એન્યુઅલ પ્લાનના સ્ટેજ પર ફક્ત એક પ્રોજેક્ટ કન્સેપ્ટ મંજૂર થયો હતો અને પાછળથી વિગતવાર તકનીકી તપાસ કરીને એના સ્પેસીફીકેશન અને ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી પરંતુ છેલ્લે સેક્રેટરી પરચેઝ કમિટિ (એસ.પી.સી) દ્વારા નિર્ણય લેવામાં આવ્યો હતો કે આ adequate પ્રપોઝલ નથી એટલે તે મુલતવી

રાખવામાં આવેલ હતી. તે સ્ટેજે તેની ટેકનોલોજી સંશોધિત થઈ રહી હતી એટલે એસ.પી.સી. દ્વારા દરખાસ્ત માન્ય રાખવામાં આવી ન હતી. હવે આ ટેકનોલોજી પૂરેપૂરી રીતે વિકસી છે. આ તબક્કે સમિતિના પ્રમુખશ્રીએ પૃચ્છા કરી હતી કે એસ.પી.સી. ટેકનીકલી એક્સપર્ટ હોય છે ખરી? આ સંબંધમાં વિભાગના પ્રતિનિધિએ સમિતિને જણાવ્યું હતું કે ક્યારેક હોય છે અને ક્યારેક નથી પણ હોતી પરંતુ એસ.પી.સી.ને સત્તા હોય છે કે તે એક્સપર્ટ ઓપિનિયન મેળવી શકે. સમિતિએ પૃચ્છા કરી હતી કે આ ફકરો ૨૦૦૮–૦૯નો છે ત્યારે હાલ ૨૦૧૫–૧૬માં શી પરિસ્થિતિ છે આ સિસ્ટમ આપણે ખરીદી શક્યા છીએ કે કેમ? તેના જવાબમાં વિભાગના પ્રતિનિધિએ સમિતિને જણાવ્યું હતું કે જ્યાં સુધી તેમને માહિતી છે ત્યાં સુધી સિસ્ટમ ખરીદી શક્યા નથી.

૧૭. **સમિતિ માને છે કે બદલાતાં જતાં સમયમાં જ્યારે ગુન્હાઓનો વ્યાપ વધતો જાય છે ત્યારે રાજ્યના પોલીસ ખાતા પાસે અદ્યતન ટેકનોલોજી હોવી અત્યંત આવશ્યક છે. એપ્રુવલ ઓફ એન્યુઅલ પ્લાન (AAP) માં જ્યારે દરખાસ્ત કરવાની હોય ત્યારે તમામ પાસાંઓને ધ્યાનમાં લઈને જો દરખાસ્ત કરવામાં આવી હોત તો જે હેતુ માટે નાણાં ફાળવવામાં આવ્યા હતા તે નાણાં વણવપરાયેલા રહેતા નહિ. સન ૨૦૦૮–૦૯ના ઓડિટ ફકરામાં જેનો ઉલ્લેખ છે તે સિસ્ટમ ૨૦૧૫–૧૬માં પણ આપણે ખરીદી શક્યા નથી. આથી એપ્રુવલ ઓફ એન્યુઅલ પ્લાનમાં કરવામાં આવેલી દરખાસ્ત અમલીકરણના સ્ટેજ પર અટકે નહીં અને રાજ્યના તંત્રને મળવાપાત્ર અદ્યતન સુવિધા વિલંબિત ન થાય તે માટે જ્યારે એપ્રુવલ ઓફ એન્યુઅલ પ્લાન (AAP) માં દરખાસ્ત કરવામાં આવે ત્યારે તાંત્રિક પરિસ્થિતિ અને ઉપલબ્ધ અદ્યતન ટેકનોલોજીને ધ્યાનમાં રાખીને જ દરખાસ્ત કરવા સમિતિ ભલામણ કરે છે. આ ઉપરાંત ટેકનોલોજી આધારિત કોઈપણ દરખાસ્ત કરતાં પહેલાં તેમાં વધારે સંશોધન થવાનો અવકાશ છે કે કેમ અને તેમાં નજીકના ભવિષ્યમાં વધુ સંશોધન થવાની સંભાવના છે કે કેમ તે સંબંધમાં સૌ પ્રથમ એક્સપર્ટ ઓપિનીયન લેવાનું ધોરણ રાખવા અને ત્યારબાદ જ આવી દરખાસ્ત કરવા સમિતિ ભલામણ કરે છે.**

૧૮. **ફકરા ક્રમાંક:-૧.૧.૯.૪ ફૉરેન્સીક સાયન્સ લેબોરેટરી માટે રીવેલીડેટ ગ્રાન્ટ FSLને તબદીલ ન કરવા બાબત.**

ઓડિટ અહેવાલના આ ફકરામાં ઓડિટે જણાવ્યા મુજબ ભારત સરકારે વર્ષ ૨૦૦૧–૦૬ અને ૨૦૦૬–૦૭ના સમયગાળાની વણવપરાયેલ ગ્રાન્ટને પુન:માન્યતા આપતી વખતે FSL ની રૂ.૩.૮૩ કરોડની ગ્રાન્ટ પુન:માન્ય કરેલ હતી. DG & IGP દ્વારા આ રકમ FSL ને તબદીલ ન કરતા વાહનો અને સંદેશા વ્યવહારના સાધનોની ખરીદી કરવામાં વાપરી હતી અને ઓડિટને આ ગ્રાન્ટ DG & IGP કચેરી માટેની જ હતી તેમ જણાવેલ હતું જ્યારે હકીકતમાં આ રકમ FSL માટે જ ફાળવવામાં આવેલ હતી અને નક્કી કરવામાં આવેલ હેતુ સિવાયના હેતુ માટે તેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

૧૯. સમિતિને મોકલવામાં આવેલા વિગતવાર ખુલાસામાં વિભાગે જણાવ્યું હતું કે ડીજીપી કચેરી અને એફએસએલ કચેરીને સરકારશ્રીના ગૃહ વિભાગ તરફથી અલગ અલગ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.એફએસએલ ના સદર હેઠળ ફાળવેલ અનુદાનમાંથી કોઇપણ પ્રકારનો ખર્ચ કરવામાં આવેલ નથી.

૨૦. સમિતિ સમક્ષ ઉપસ્થિત થયેલ વિભાગના પ્રતિનિધિએ સમિતિને જણાવ્યું હતું કે આ નાણાં ગુજરાત પોલીસના ઉપયોગ માટે ફાળવવામાં આવેલ હતા, જે બિન વપરાયેલા રહ્યાં હતાં અને તેઓના માટે રિવેલીડેટ કરવામાં આવ્યા હતા અને એમાં એફએસએલનો કોઇ હિસ્સો ન હતો. એફએસએલના કોઇ જુદા રિવેલીડેશન થયા છે કે કેમ તેવી સમિતિની પૃચ્છાના જવાબમાં વિભાગના પ્રતિનિધિ પાસે કોઇ માહિતી ઉપલબ્ધ ન હતી. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે એફએસએલના ડાયરેક્ટર પણ અહીં છે તેઓ પણ ક્લેઇમ નથી કરતા કે તેમની રકમ ડીજીપી લઇ ગયા છે.

૨૧. આ તબક્કે સમિતિના પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે સેક્રેટરીની હાજરીમાં તેઓ કહી શકે નહી. પરંતુ ભારત સરકારે એફએસએલની આ વણવપરાયેલ ગ્રાન્ટને રિવેલીડેટ કરેલ છે અને રિવેલીડેટ કરવામાં આવેલી ગ્રાન્ટ અન્ય હેતુ માટે વાપરવામાં આવેલ છે તેમ ઓડિટ સ્પષ્ટ જણાવે છે ત્યારે વિભાગના પ્રતિનિધિ એમ કહે કે આ ગ્રાન્ટ વિભાગની જ હતી અને એફએસએલની અલગ ગ્રાન્ટ ન હતી તે બરાબર નથી. જો એમ ન હોત તો ઓડિટ દ્વારા આવો વાંધો ઉપસ્થિત કરવામાં જ ન આવ્યો હોત. **સમિતિ માને છે કે એક વખત જે હેતુ માટે ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ હોય અને ગમે તે કારણસર તેવી ગ્રાન્ટ વણવપરાયેલ રહે અને તેને રિવેલીડેટ કરવામાં આવે તો શરૂઆતમાં મૂળ ગ્રાંટ જે હેતુ માટે મંજુર થયેલ હોય તે હેતુ માટે જ આવી રિવેલીડેટ થયેલી ગ્રાન્ટ પણ વાપરવી જોઇએ અન્યથા હેતુફેર કરાવીને તેનો ઉપયોગ કરવો જોઇએ,જેથી નાણાકીય શિસ્ત જળવાઇ રહે. આથી ભવિષ્યમાં આવી બાબતનું પુનરાવર્તન ન થાય તેની કાળજી રાખવા સમિતિ ભલામણ કરે છે.**

**૨૨. ફકરા ક્રમાંક:- ૧.૧.૧૦ વાહનોની ગતિશીલતા/ત્વરિતતા બાબત.**

પોલીસ દળ એક સ્થળેથી બીજા સ્થળે ત્વરિત પહોંચી શકે તે અત્યંત આવશ્યક છે. આ બાબતને ધ્યાનમાં રાખીને BPR & D એ રાજ્યના પોલીસ દળના જુદા જુદા યુનિટો માટે કેટલા વાહનોની જરૂરિયાત છે તે નક્કી કરી તે મુજબ વાહનો ખરીદવા માટે જાન્યુ.૧૯૯૮ના રોજ એક માર્ગદર્શિકા નક્કી કરી હતી. આ માર્ગદર્શિકા મુજબ કેટલા વાહનોની જરૂરિયાત છે અને તેની સામે કેટલા વાહનો ખરીદવામાં આવેલા છે તેની વિગતો નીચેના ટેબલમાં આપવામાં આવેલ છે.

| વાહનનો પ્રકાર | ૧જાન્યુ. ૧૯૯૮ના રોજ BPR & D ના ધોરણો મુજબની જરૂરીયાત | ૧ એપ્રિલ, ૨૦૦૩ના રોજ પ્રાપ્ય વાહનો | ૨૦૦૩–૦૯ દરમિયાન ખરીદાયેલ વાહનો | કુલ | બિન–ઉપયોગી જાહેર કરાયેલ વાહનો ૨૦૦૩–૦૯ દરમિયાન | ૩૧ માર્ચ ૨૦૦૯ના રોજ કુલ પ્રાપ્ય વાહનો | અલ્પતા (૨–૭) | BPR & D ના ધોરણો સામે અલ્પતાની ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| લાઇટ મોટર વ્હીકલ્સ | ૧૭૭૩ | ૮૮૦ | ૧૦૦૨ | ૧૮૮૨ | ૫૬૯ | ૧૩૧૩ | ૪૬૦ | ૨૬ |
| મોટર સાયકલ્સ | ૨૯૧૮ | ૧૮૭૫ | ૨૫૧૭ | ૪૩૯૨ | ૧૦૮૧ | ૩૩૧૧ | (–)૩૯૩ | – |
| અન્ય | ૧૭૫૨ | ૧૬૫૧ | ૬૨૮ | ૨૨૭૯ | ૫૧૭ | ૧૭૬૨ | (–)૧૦ | – |
| **કુલ** | **૬૪૪૩** | **૪૪૦૬** | **૪૧૪૭** | **૮૫૫૩** | **૨૧૬૭** | **૫૩૮૬** | **૫૭** | – |

ઉક્ત ટેબલ જોતાં જણાઇ આવે છે કે માર્ચ–૨૦૦૯ના રોજ એટલે કે ૧૧ વર્ષ પછી પણ ૧૭૭૩ લાઇટ મોટર વ્હીકલ્સની જરૂરિયાત સામે ફક્ત ૧૩૧૩ (૭૪ ટકા) વાહનો જ પ્રાપ્ય હતા.

૨૩. સમિતિને મોકલવામાં આવેલા વિગતવાર ખુલાસામાં વિભાગે જણાવ્યું હતું કે વર્ષોવર્ષ મંજૂર થયેલ ગ્રાન્ટની મર્યાદામાં વાહનો ખરીદ કરવામાં આવે છે અને અગ્રતા મુજબ તેની ફાળવણી પણ કરવામાં આવે છે.

૨૪. સમિતિ સમક્ષ રૂબરૂ તપાસ વખતે ઉપસ્થિત થયેલ વિભાગના પ્રતિનિધિએ સમિતિને જણાવ્યું હતું કે રાજ્યનું પોલીસ દળ કોઇપણ પરિસ્થિતિને પહોંચી વળી શકે તે માટે તેની પાસે કેટલા વાહનો હોવા જોઇએ તે BPR & D દ્વારા ઠરાવવામાં આવેલ છે. સન ૨૦૦૩ થી ૨૦૦૯ દરમ્યાન લગભગ ૪ હજાર જેટલા નવા વાહનો ખરીદવામાં આવ્યા હતા અને કુલ ૬૩૮૩ વાહનો પોલીસ દળ પાસે છે. વાહનોની પરિસ્થિતિ અન્ય રાજ્યો કરતાં સારી છે. સંન ૨૦૦૯ કરતાં બમણા વાહનો અત્યારે આપણી પાસે છે. લાઇટ મોટર વ્હીકલની પરિસ્થિતિમાં વધારે ફેરફાર કરી શક્યા નથી તેવા સમિતિના અવલોકન સંબંધમાં વિભાગના પ્રતિનિધિએ સમિતિને જણાવ્યુ હતું કે પહેલાં લાઇટ મોટર વ્હીકલ ૨૭૬૫ હતા તે અત્યારે ૪૩૫૯ જેટલા છે એટલે કે ડબલ થઇ ગયા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજ્યના બજેટમાંથી વાહનો રીપ્લેસ કરવા માટે ૫૦ થી ૬૦ કરોડ રૂપિયા મળે છે, જે જરૂરિયાત કરતા ઓછા છે, તેમ છતાં તેમાં પણ સતત પ્રગતિ થયેલ છે.

૨૫. **સમિતિ માને છે કે પોલીસ દળમાં વાહનોની સંખ્યા વધારવા માટે વિભાગ દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવી રહેલ છે છતાં તેને વધુ ગુણવત્તાસભર બનાવવાની જરૂર લાગે છે. લાઇટ મોટર વ્હીકલની સામે ઉપલબ્ધ વાહનોની સંખ્યા હજી ઘણી ઓછી છે. આથી BPR & D ની માર્ગદર્શિકા મુજબના વાહનો પોલીસ દળમાં સામેલ કરવામાં આવે તે માટે પ્રયત્નશીલ રહેવા સમિતિ આથી ભલામણ કરે છે.**

૨૬. <u>**વિભાગના પ્રતિનિધિએ એક તબક્કે સમિતિને જણાવ્યું હતું કે વાહનોના રિપ્લેસ માટે રાજ્યના બજેટમાં જે નાણાં મળે છે તે જરૂરિયાત કરતાં ઓછા છે તે ધ્યાનમાં લેતાં આ હેતુ માટે સરકારે પણ જરૂરિયાત મુજબના નાણાં ફાળવવા તેવી સમિતિ ભલામણ કરે છે.**</u>

૨૭. **ફકરા ક્રમાંક:-૧.૧.૧૦.૧ પોલીસ સ્ટેશનો ખાતે વાહનોની અછત બાબત**

ઓડિટ અહેવાલના આ ફકરામાં જણાવ્યા મુજબ પોલીસ દળની આધુનિકીકરણ યોજના હેઠળ પોલીસની ક્ષેત્રિય કામગીરી માટે પાયાની જરૂરિયાત એવા વાહનો પૂરા પાડવા માટેના BPR & D દ્વારા ધોરણો ઠરાવવામાં આવેલા છે. BPR & D દ્વારા ઠરાવેલ ધોરણો મુજબ દરેક પોલીસ સ્ટેશન દીઠ બે ફોર વ્હીલર અને ત્રણ ટુ વ્હીલર (મોટર સાઈકલ) હોવા જોઈએ. દફતરની તપાસણી દરમ્યાન માર્ચ-૨૦૦૯ની સ્થિતિએ ઓડિટને જણાયું હતું કે આ ધોરણો અનુસાર ઓછામાં ઓછી જરૂરિયાત પણ પોલીસ સ્ટેશનોને પૂરી પાડવામાં આવી ન હતી, જેથી પોલીસ દળની કામગીરીની કાર્યદક્ષતા પર અસર પડી હતી.

૨૮. સમિતિને મોકલવામાં આવેલા લેખિત ખુલાસામાં વિભાગે જે તે જિલ્લાના પોલીસ સ્ટેશનોમાં તા.૩૦-૪-૧૫ની સ્થિતિએ જુદા જુદા વાહનોની સ્થિતિ દર્શાવતી માહિતી મોકલી આપી હતી, નીચેના ટેબલમાં આપેલ છે.

| No | District | No. of Police Station | No. of Police Station having four-wheeler | | | Total four-wheeler available | No.Of Police Station having Two-Wheeler | | | | Total two-wheeler available |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | One | Two | More than Two | | One | Two | Three | More than three | |
| 1 | Ahmedabad city | 40 | 0 | 4 | 36 | 144 | 1 | 2 | 5 | 32 | 329 |
| 2 | Surat City | 27 | 3 | 2 | 22 | 114 | 0 | 0 | 0 | 25 | 216 |
| 3 | Rajkot City | 10 | 1 | 9 | 0 | 19 | 0 | 0 | 0 | 10 | 109 |
| 4 | Vadodara City | 19 | 1 | 13 | 5 | 44 | 0 | 0 | 0 | 18 | 155 |
| 5 | Ahmedabad Rural | 17 | 10 | 6 | 1 | 25 | 1 | 0 | 2 | 13 | 76 |
| 6 | Kheda-Nadiad | 18 | 14 | 3 | 1 | 23 | 0 | 1 | 5 | 10 | 67 |
| 7 | Anand | 19 | 18 | 1 | 0 | 20 | 4 | 5 | 6 | 4 | 57 |
| 8 | Gandhinagar | 14 | 1 | 2 | 11 | 45 | 0 | 1 | 0 | 13 | 67 |
| 9 | Sabarkantha | 14 | 11 | 3 | 0 | 17 | 0 | 0 | 0 | 13 | 62 |
| 10 | Mahesana | 19 | 6 | 10 | 3 | 35 | 0 | 1 | 2 | 16 | 92 |
| 11 | Patan | 15 | 8 | 7 | 0 | 22 | 0 | 0 | 1 | 13 | 61 |
| 12 | Banaskantha | 27 | 15 | 7 | 5 | 44 | 0 | 0 | 6 | 20 | 126 |
| 13 | Kachh-Bhuj | 22 | 16 | 1 | 5 | 33 | 3 | 1 | 2 | 13 | 97 |
| 14 | Kachh-Gandhidham | 13 | 5 | 4 | 4 | 25 | 0 | 1 | 3 | 8 | 51 |
| 15 | Vadodara Rural | 12 | 8 | 4 | 0 | 16 | 0 | 0 | 2 | 10 | 62 |
| 16 | Bharuch | 22 | 14 | 8 | 0 | 30 | 2 | 5 | 3 | 12 | 90 |
| 17 | Narmada | 7 | 6 | 0 | 1 | 9 | 1 | 1 | 0 | 5 | 38 |

| No | District | No. of Police Station | No. of Police Station having four-wheeler | | | Total four-wheeler available | No.Of Police Station having Two-Wheeler | | | | Total two-wheeler available |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | One | Two | More than Two | | One | Two | Three | More than three | |
| 18 | Godhara | 11 | 5 | 3 | 3 | 20 | 0 | 0 | 0 | 11 | 84 |
| 19 | Dahod | 14 | 8 | 5 | 1 | 21 | 0 | 1 | 3 | 9 | 58 |
| 20 | Surat Rural | 11 | 9 | 2 | 0 | 13 | 1 | 1 | 1 | 8 | 48 |
| 21 | Tapi | 8 | 6 | 2 | 0 | 10 | 0 | 0 | 1 | 6 | 45 |
| 22 | Valsad | 13 | 6 | 6 | 1 | 21 | 1 | 0 | 1 | 10 | 62 |
| 23 | Navsari | 10 | 3 | 7 | 0 | 17 | 0 | 0 | 1 | 9 | 60 |
| 24 | Ahwa-Dang | 3 | 1 | 2 | 0 | 5 | 0 | 0 | 0 | 3 | 21 |
| 25 | Junagadh | 19 | 16 | 3 | 0 | 22 | 1 | 0 | 9 | 8 | 65 |
| 26 | Bhavnagar | 24 | 11 | 7 | 6 | 50 | 1 | 0 | 3 | 20 | 135 |
| 27 | Amreli | 21 | 1 | 17 | 3 | 26 | 1 | 1 | 3 | 16 | 95 |
| 28 | Porbandar | 10 | 7 | 3 | 0 | 13 | 1 | 0 | 2 | 7 | 43 |
| 29 | Rajkot Rural | 18 | 12 | 1 | 5 | 30 | 0 | 2 | 4 | 11 | 81 |
| 30 | Surendranagar | 18 | 18 | 0 | 0 | 18 | 0 | 5 | 5 | 8 | 65 |
| 31 | Jamnagar | 12 | 12 | 0 | 0 | 12 | 0 | 0 | 0 | 12 | 82 |
| 32 | Arvlli | 10 | 9 | 1 | 0 | 11 | 0 | 2 | 1 | 7 | 44 |
| 33 | Devbhumi Dwarika | 8 | 4 | 3 | 1 | 13 | 0 | 1 | 1 | 6 | 45 |
| 34 | Morbi | 8 | 2 | 3 | 3 | 19 | 0 | 0 | 0 | 7 | 40 |
| 35 | Mahisagar Lunavada | 8 | 5 | 3 | 0 | 11 | 0 | 1 | 2 | 5 | 39 |
| 36 | Chhota Udepur | 9 | 5 | 3 | 1 | 14 | 0 | 2 | 2 | 5 | 36 |
| 37 | Botad | 6 | 4 | 1 | 1 | 10 | 0 | 3 | 1 | 2 | 20 |
| 38 | Gir Somnath | 10 | 4 | 2 | 4 | 20 | 0 | 1 | 1 | 7 | 43 |
| 39 | West.Railway, Vadodara | 8 | 5 | 1 | 1 | 10 | 0 | 5 | 1 | 2 | 22 |
| 40 | West Railway, Ahmedabad | 14 | 12 | 1 | 0 | 14 | 4 | 6 | 2 | 1 | 26 |
| | **Total** | **588** | **302** | **160** | **124** | **1065** | **22** | **49** | **81** | **415** | **3014** |

૨૯. વિભાગે તા. ૩૦-૪-૨૦૧૫ની સ્થિતિએ પૂરી પાડેલ માહિતી જોતાં ટુ વ્હીલર્સ અને ફોર વ્હીલર્સની જરૂરિયાતને પહોંચી વળવા માટે સરકાર વધુ અસરકારક પગલાં ભરે તેવી સમિતિ ભલામણ કરે છે. આ વિગતોનું પૃથ્થકરણ કરતાં સમિતિના ધ્યાન પર આવ્યું હતું કે સરહદી જિલ્લાઓ પૈકી કચ્છ જિલ્લાના ૨૨ પોલીસ સ્ટેશનોમાં કુલ ૪૪ ફોર વ્હીલર હોવા જોઈએ તેની સામે ૩૩ ફોર વ્હીલર છે, બનાસકાંઠાના ૧૫ પોલીસ સ્ટેશન એવા છે કે જેમાં માત્ર એક જ ફોર વ્હીલર છે. રાજ્યની સરહદે આવેલા પોલીસ સ્ટેશનોમાં પોલીસ સ્ટેશન દીઠ બે ફોર વ્હીલર તો ઓછામાં ઓછા હોવા જ જોઈએ. આથી સરહદી જિલ્લાઓમાં સરહદ પરના પોલીસ સ્ટેશનોમાં ફોર વ્હીલર તેમજ ટુ વ્હીલરની ઘટ રહેવા ન પામે તે જોવા અને જ્યાં આવી ઘટ હોય ત્યાં તેવી ઘટ તાત્કાલિક ધોરણે દૂર કરવા સમિતિ ભલામણ કરે છે.

## ૩૦. ફકરા ક્રમાંક:-૧.૧.૧૧.૨ પોલીસ વિભાગમાં દારુગોળાની અછત બાબત

ઓડિટ અહેવાલના આ ફકરામાં જણાવ્યા મુજબ ગુજરાત પોલીસ પાસે આધુનિક શસ્ત્રો તથા દારુગોળાની તીવ્ર અછત હતી. શસ્ત્ર સરંજામની બધું મળીને અછત ૬૦ ટકા હતી જે નીચેના ટેબલ પરથી જણાઈ આવે છે.

**૩૧ માર્ચ ૨૦૦૯ ના રોજ દારૂગોળાની અછત**

| દારૂગોળાનો પ્રકાર | BPR & D ના ધોરણો મુજબની જરૂરિયાત | ૨૦૦૮-૦૯ના વર્ષમાં ખરેખર પ્રાપ્યતા | અછત | અછતની ટકાવારી |
|---|---|---|---|---|
| ૩૦૩" BDR કાર્ટ્રીજ | ૩૮૪૫૪૪૦ | ૨૮૪૨૩૪૬ | ૧૦૦૩૦૯૪ | ૨૬ |
| ૩૦૩"CTN કાર્ટ્રીજ | ૩૮૮૩૦૦ | ૨૬૪૨૫૨ | ૧૨૪૦૪૮ | ૩૨ |
| ૯ મી.મી. બોલ કાર્ટ્રીજ | ૮૨૮૬૪૮ | ૬૯૧૮૫૪ | ૧૩૬૭૯૪ | ૧૭ |
| ૭.૬૨ SLR કાર્ટ્રીજ | ૮૦૧૧૮૦ | ૫૫૧૦૬૬ | ૨૫૦૧૧૪ | ૩૧ |
| ૫.૫૬ INSAS કાર્ટ્રીજ | ૨૦૦૦૦૦ | ૦ | ૨૦૦૦૦૦ | ૧૦૦ |

૩૧. પોલીસ દળને ફાયર પાવર તરીકે શસ્ત્રોમાં વાપરવા માટે તેમજ તાલીમ અને નિયમિત પ્રેકટીસ માટે દારૂગોળાનો (જુદી જુદી કાર્ટ્રીજનો) પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવો જોઈએ. ઓડિટે તેના અવલોકનમાં નોંધેલ છે કે આ જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ ન હતો અને તેની તીવ્ર અછત વર્તાતી હતી. દારૂગોળાની અછતથી પોલીસ દળે ફાયરપાવર બાબતે સમાધાન કરવું પડેલ. ઓડિટે વધુમાં નોંધ્યું હતું કે ૫.૫૬ INSAS રાઈફલ્સ કે જે વીવીઆઈપીની સલામતી માટે વપરાય છે તેની કાર્ટ્રીજ પણ ભંડોળની અછતને લીધે ખરીદી શકાઈ ન હતી અને પરિણામે શસ્ત્રોને ઉપયોગમાં લઈ શકાયેલ ન હતા.

૩૨. સમિતિને મોકલવામાં આવેલા લેખિત ખુલાસામાં વિભાગે જણાવ્યું હતું કે વિભાગે એમ.પી-૫ અને અન્ય આધુનિક હથિયારો આયાત કરવાનો નિર્ણય કર્યો છે અને તેની ખરીદી કેન્દ્રિયકૃત ધોરણે ભારત સરકાર દ્વારા કરવામાં આવી રહેલ છે.

૩૩. સમિતિ સમક્ષ ઉપસ્થિત થયેલ વિભાગના પ્રતિનિધિએ સમિતિને જણાવ્યું હતું કે તાજેતરમાં દિલ્હીમાં કોન્ફરન્સ થઈ હતી અને દરેક રાજ્યની પોલીસ અને સેન્ટ્રલ પેરા મિલીટરી પોલીસને શસ્ત્ર સરંજામની જરૂરિયાત માટે સી.આર.પી.ને જવાબદારી સોંપવામાં આવી છે. હવે દારૂગોળાની ઘટ ના પ્રશ્નમાં નોંધપાત્ર સુધારો થયો છે. ભૂતકાળમાં ગમે તે કારણસર બજેટમાં જોગવાઈ કરવામાં આવી ન હોવાથી ઘટ નો પ્રશ્ન ઉભો થયો હતો, પરંતુ હવે દારૂગોળાની પરિસ્થિતિ સુધરી ગઈ છે.

૩૪. **સમિતિને લાગે છે કે આપણું રાજય એક સરહદી રાજય છે. આપણે પાકિસ્તાનની બોર્ડરથી નજીક છીએ અને સાથોસાથ દરિયાઈ સરહદ પણ સ્પર્શે છે તથા પાકિસ્તાન સાથે આપણા સંબંધો હંમેશા તણાવગ્રસ્ત રહ્યા છે, ત્યારે સ્થાનિક પોલીસ દળ પાસે શસ્ત્રો અને દારૂગોળાની ઘટ રહે તેનાથી રાજયની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર નકારાત્મક અસર પડી શકે તે એક ચિંતાનો વિષય છે. જયારે પ્લાનીંગ કરવામાં આવે ત્યારે જ આ બાબતની કાળજી લેવાવી જોઈતી હતી. હવે ભવિષ્યમાં આ પ્રકારની દારૂગોળાની અછત ન સર્જાય તે અંગે પૂરતી કાળજી રાખવા સમિતિ ભલામણ કરે છે.**

૩૫. **ફકરા ક્રમાંક:૧.૧.૧૧.૪ ત્રાસવાદી વિરોધી દળ (ATS)ની કામગીરી બાબત.**

ઓડિટ અહેવાલના આ ફકરામાં જણાવ્યા મુજબ વર્ષ ૧૯૯૩થી આંતરિક સલામતી સામે વધતી જતી ત્રાસવાદી ધમકીઓનો સતર્કતાથી સામનો કરવા માટે પોલીસ ખાતામાં ત્રાસવાદી વિરોધી દળ (ATS) ની રચના કરવામાં આવેલ હતી અને તેમાં આઈ.જી. કક્ષાથી હેડ કોન્સ્ટેબલ કક્ષા સુધીના પોલીસ કર્મીઓનો સમાવેશ કરવામાં આવેલ હતો. દફતરોની ચકાસણી દરમ્યાન એવું જોવામાં આવ્યું હતું કે આ જગ્યાઓમાં જાન્યુ. ૨૦૦૯ની સ્થિતિએ ૮ થી ૧૦૦ ટકાની ઘટ રહેવા પામી હતી, જે નીચેના ટેબલ પરથી સ્પષ્ટ થાય છે.

**ત્રાસવાદ-વિરોધી દળમાં મંજૂર થયેલ તાદાત અને ખાલી જગ્યાઓ દર્શાવતું ટેબલ**

| અનુક્રમ | જગ્યા(શ્રેણી) | મંજૂર થયેલ તાદાત | વર્તમાન તાદાત | ખાલી જગ્યા | મંજૂર થયેલ તાદાત સામેની ટકાવારી | ક્યારથી |
|---|---|---|---|---|---|---|
| ૧ | ઈન્સ્પેક્ટર જનરલ (ઓપરેશન) | ૧ | ૦ | ૧ | ૧૦૦ | ૨૦૦૮ |
| ૨ | ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ (ઓપરેશન્સ) | ૧ | ૨ | (-)૧ | ૦ | |
| ૩ | સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલિસ (ઓપરેશન્સ) | ૩ | ૧ | ૨ | ૬૭ | ૨૦૦૮ |
| ૪ | ડેપ્યુટી સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલિસ | ૩ | ૩ | ૦ | ૦ | |
| ૫ | પોલિસ ઈન્સ્પેક્ટર | ૧૨ | ૧૧ | ૧ | ૮ | ૨૦૦૮ |
| ૬ | પોલિસ સબ ઈન્સ્પેક્ટર | ૧૮ | ૭ | ૧૧ | ૬૧ | ૨૦૦૫ |
| ૭ | હેડ કોન્સ્ટેબલ | ૨૦ | ૯ | ૧૧ | ૫૫ | ૨૦૦૪ |
| ૮ | આર્મ્ડ પોલિસ હેડ કોન્સ્ટેબલ | ૬ | ૬ | ૦ | ૦ | |
| | **કુલ** | **૬૪** | **૩૯** | **૨૫** | | |

તદુપરાંત આ પોલીસ કર્મીઓને આતંકવાદ સામે લડવા માટે કોઈ વિશિષ્ટ તાલીમ પણ આપવામાં આવેલ ન હોવાનું ઓડિટના ધ્યાન પર આવેલ હતું. BPR & D દ્વારા એવું ઠરાવવામાં આવેલ હતું કે દળમાં કામ કરતા હેડ કોન્સ્ટેબલ, પોલીસ ઈન્સપેક્ટર અને પોલીસ સબ ઈન્સપેક્ટરોને ૫.૫૬ INSAS રાઈફલો આપવી પરંતુ તે પણ કોઈને આપવામાં આવેલ ન હતી. ઓડિટે ધ્યાન દોર્યા બાદ ફેબ્રુઆરી-૨૦૦૯માં આ અંગે હુકમો કરવામાં આવ્યા હતા પરંતુ ૫.૫૬ INSAS રાઈફલો માટેનો દારુગોળો પોલીસ પાસે ઉપલબ્ધ ન હોવાથી તે શસ્ત્રો વાપરી શકાય તેમ ન હતા.

૩૬. ઓડિટ અહેવાલના વિગતવાર લેખિત ખુલાસામાં વિભાગે એ.ટી.એસ.ને સન ૨૦૦૯-૧૦ થી ૨૦૧૧-૧૨ સુધીમાં INSAS રાઈફલોની ૩૯૪૨૪ નંગ કાર્ટ્રીજની ફાળવણી કરવામાં આવેલ છે તેમ જણાવેલ છે જયારે ફકરાનો મુખ્ય મુદ્દો ત્રાસવાદી વિરોધી દળ (ATS)ને કામગીરીના અનુસંધાને તે દળમાં પૂરતા પ્રમાણમાં જગ્યાઓ ભરાયેલી ન હોવાને લગતો હતો, જે તરફ વિભાગે કોઈ સ્પષ્ટતા કરી ન હતી.

૩૭. તા.૧૩-૧૦-૧૫ના રોજ સમિતિ સમક્ષ રુબરુ તપાસ વખતે ADG (ATS) ઉપસ્થિત રહયા ન હતા. ATS માં રહેલ ખાલી જગ્યાઓ બાબતે સમિતિએ પૃચ્છા કરતા સમિતિ સમક્ષ ઉપસ્થિત એ.ડી.જી. એ સમિતિને જરૂરી માહિતી આપી હતી. પરંતુ સમિતિને તેનાથી સંતોષ ન થતાં સમિતિને ATS નું મંજૂર થયેલ કુલ મહેકમ અને કેટલી જગ્યાઓ ભરાયેલી છે તે અંગેની અદ્યતન માહિતી સમિતિને મોકલી આપવા સૂચના આપી હતી.

૩૮. સમિતિની સૂચના મુજબ વિભાગે ATS ના મહેકમને લગતી અદ્યતન માહિતી સમિતિને તા.૧૬-૫-૨૦૧૬ના રોજ મોકલી આપી હતી, જે નીચે મુજબ છે.

| અનુ. | સંવર્ગનું નામ | મંજૂર મહેકમ | હાજર મહેકમ | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | અધિક પોલીસ મહાનિર્દેશક | ૧ | ૧ | ૦ |
| ૨ | નાયબ પોલીસ મહાનિરીક્ષક | ૧ | ૧ | ૦ |
| ૩ | પોલીસ અધિક્ષક | ૩ | ૧ | ૨ |
| ૪ | નાયબ પોલીસ અધિક્ષક | ૩ | ૨ | ૧ |

વિભાગે પૂરી પાડેલ અદ્યતન માહિતી મુજબ અધિક પોલીસ મહાનિર્દેશક અને નાયબ પોલીસ મહાનિરીક્ષકની ૧-૧ જગ્યા મંજૂર થયેલ છે અને તે બંને જગ્યા ભરાયેલ છે, જયારે પોલીસ અધિક્ષકની મંજૂર થયેલ ૩ જગ્યા સામે ૨ જગ્યા ખાલી છે,ના. પોલીસ અધિક્ષકની મંજૂર થયેલ ૩ જગ્યાની સામે ૧ જગ્યા ખાલી છે, પોલીસ ઈન્સપેક્ટરની ૧૨ જગ્યા સામે ૮ જગ્યા ખાલી છે, પોલીસ ઈન્સપેક્ટરની ૧૮ જગ્યા સામે ૭ જગ્યા ખાલી છે

જ્યારે હેડ કોન્સટેબલની ૨૦ જગ્યા સામે ૧૪ જગ્યા ખાલી છે. ATS ના કલેરીકલ સહિતના કુલ મહેકમની સંખ્યા ૭૦ છે તે પૈકી ૩૫ જગ્યા ખાલી રહેલ છે એટલે કે ૫૦ ટકા જગ્યાઓ ખાલી રહેલ છે.

૩૯. **સમિતિને લાગે છે કે ઓડિટે માર્ચ-૨૦૦૯માં ખાલી જગ્યાઓ અંગે અવલોકન કર્યા બાદ તેમાં સુધારો થવો જોઈએ તેના બદલે તેનાથી પણ ખરાબ પરિસ્થિતિ મે-૨૦૧૬ની સ્થિતિએ ઉભી થવા પામેલ છે. એક તરફ જ્યારે વૈશ્વિક આતંકવાદનો ખતરો દેશ અને રાજ્ય પર સતત મંડરાતો રહેતો હોય ત્યારે આતંકવાદ વિરોધી દળમાં ૫૦ ટકા જેટલી જગ્યાઓ ખાલી હોય તેમજ તેને પૂરતા હથિયારો પણ આપવામાં આવતા ન હોય તે બાબત અત્યંત દુ:ખદ અને ગંભીર છે. ત્રાસવાદી સંગઠનો તરફથી રાજ્યની આંતરિક સલામતી સામે વધતા જતા પડકારોનો અસરકારક સામનો કરવા માટે ATS ની કામગીરીને સક્ષમ બનાવવામાં વિભાગે ઉપેક્ષા દાખવી હોય તેમ જણાય છે. ATS માં રહેલ ખાલી જગ્યાઓ તાત્કાલિક ભરવા અને તેને વિના વિલંબે આધુનિક શસ્ત્ર સરંજામ પૂરો પાડવા સમિતિ ભલામણ કરે છે.**

૪૦. **ઓડિટ ફકરામાં માર્ચ-૨૦૦૯માં અવલોકન કરવામાં આવેલ છે કે આતંકવાદ વિરોધી દળમાં ફરજ બજાવતા પોલીસ કર્મીઓને કોઈ વિશિષ્ટ તાલીમ આપવામાં આવતી નથી. સરકારે આ સાત વર્ષના ગાળામાં વિશિષ્ટ પ્રકારની તાલીમ માટે કોઈ પ્રયત્નો કરેલા છે કે કેમ તેની પણ સમિતિને કોઈ માહિતી આપવામાં આવી નથી. આથી હવે આ પોલીસ કર્મીઓને આતંકવાદ સામે લડવા માટે જરૂરી એવી વિશિષ્ટ તાલીમ આપવાની બાબતમાં યોગ્ય કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.**

૪૧. **તા.૧૩-૧૦-૧૫ના રોજ સમિતિ સમક્ષ રુબરુ તપાસ વખતે ADG(ATS) ઉપસ્થિત રહયા ન હતા તે બાબતની સમિતિએ ગંભીર નોંધ લીધી છે. જાહેર હિસાબ સમિતિ જેવી મહત્વની સમિતિ સમક્ષ આ રીતે જવાબદાર અધિકારી ઉપસ્થિત ન રહે તે કોઈ પણ રીતે યોગ્ય નથી તેમ સમિતિને લાગે છે. ભવિષ્યમાં સમિતિ સમક્ષ સંબંધિત જવાબદાર અધિકારી અચૂક ઉપસ્થિત રહે તે માટે જરૂરી સૂચનાઓ બહાર પાડવા સમિતિ આથી ભલામણ કરે છે.**

૪૨. **ફકરા ક્રમાંક:૧.૧.૧૨.૪ સંદેશાવ્યવહાર વિભાગમાં ટેકનિકલ માનવશકિતની તીવ્ર અછત બાબત.**

ઓડિટ અહેવાલના આ ફકરામાં જણાવ્યા મુજબ સંદેશાવ્યવહાર વિભાગમાં કુશળ અને તાલીમબધ્ધ માનવશકિત હોવી અત્યંત આવશ્યક છે. આ અંગેના સંબંધિત દફતરોની તપાસ દરમિયાન માર્ચ-૨૦૦૯ની સ્થિતિએ તાલીમબધ્ધ માનવશકિતની તીવ્ર અછત

જણાયેલ હતી. પોલીસ વાયરલેસ ઈન્સપેક્ટરના કિસ્સામાં મંજૂર થયેલ ૩૨ જગ્યાની સામે ૩૦ જગ્યા ખાલી હતી અને પોલીસ વાયરલેસ સબ ઈન્સપેક્ટરની ૩૬૩ની સામે ૧૫૯ જગ્યા ખાલી રહેવા પામી હતી, જે નીચે મુજબ છે.

**સંદેશાવ્યવહાર વિંગમાં મંજૂર થયેલ વાસ્તવિક તાદાત**

| જગ્યાનું નામ | મંજૂર થયેલ તાદાત | ખરેખર તાદાત | અછત | ટકાવારી |
|---|---|---|---|---|
| પોલીસ વાયરલેસ ઈન્સ્પેક્ટર (PWI) | ૩૨ | ૦૨ | ૩૦ | ૯૪ |
| પોલીસ વાયરલેસ સબ ઈન્સ્પેક્ટર (PWS) | ૩૬૩ | ૨૦૪ | ૧૫૯ | ૪૪ |
| રેડિયો ઓપરેટર (RO) | ૩૪૯ | ૩૦૯ | ૪૦ | ૧૧ |
| રેડિયો ટેકનિશ્યન (RT) | ૧૦૧ | ૯૭ | ૪ | ૪ |

૪૩. સમિતિને મોકલવામાં આવેલ લેખિત ખુલાસામાં વિભાગે જણાવ્યા મુજબ ( જુલાઈ–૨૦૦૯ ) કુશળ અને તાલીમબદ્ધ માનવશક્તિ સંદેશાવ્યવહાર પદ્ધતિના સુચારુ સંચાલન માટે હોવી અત્યંત આવશ્યક છે. ખાલી જગ્યાઓ પૈકી વાયરલેસ ઈન્સપેક્ટરની જગ્યાઓ બઢતીથી ભરવાની થતી હતી પરંતુ કોર્ટ કેસના કારણે આ પ્રક્રિયા અટકી ગયેલ છે જયારે વાયરલેસ સબ ઈન્સપેક્ટરની જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા પ્રગતિમાં છે.

૪૪. સમિતિને મોકલવામાં આવેલા લેખિત ખુલાસામાં વિભાગે સન ૨૦૦૯–૧૦ અને સન ૨૦૧૪–૧૫ ના ગાળા દરમ્યાન તુલનાત્મક સરખામણી કરતી માહિતી પત્રક સ્વરૂપે આપતા જણાવેલ છે કે ૨૦૦૯–૧૦ કરતા ૨૦૧૪–૧૫માં પરિસ્થિતિ ઘણી જ સારી છે.

૪૫. સમિતિ સમક્ષની રુબરુ તપાસ વખતે આ પત્રકમાં આપવામાં આવેલ માહિતી સંબંધમાં વધારાની માહિતી સાથે સરખાવીને અવલોકન કરતાં **સમિતિને જણાયું હતું કે પોલીસ વાયરલેસ ઈન્સ્પેકટરની ૨૮–૫–૨૦૧૦ની સ્થિતિએ ૩૨ જગ્યા સામે ૦૫ જગ્યા ખાલી હતી જયારે સન ૨૦૧૪–૧૫ની સ્થિતિએ ૩૪ જગ્યાની સામે ૧૪ જગ્યાઓ ખાલી છે. પોલીસ વાયરલેસ સબ ઈન્સ્પેકટરની તા.૨૮–૫–૨૦૧૦ની સ્થિતિએ ૩૭૧ જગ્યા સામે ૧૮૭ જગ્યા ખાલી હતી જયારે ૨૦૧૪–૧૫ની સ્થિતિએ ૪૦૬ જગ્યાની સામે ૪૨ જગ્યા ખાલી છે. તેવી જ રીતે રેડીયો ઓપરેટરની ૨૮–૫–૨૦૧૦ની સ્થિતિએ ૩૪૯ જગ્યાઓ સામે ૬૨ જગ્યા ખાલી હતી જયારે સન ૨૦૧૪–૧૫ની સ્થિતિએ ૪૮૩ જગ્યાઓની સામે ૧૯૧ જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે. રેડીયો ટેકનીશીયનની ૨૮–૫–૨૦૧૦ની સ્થિતિએ ૧૦૦ જગ્યા સામે ૨૦ જગ્યાઓ ખાલી હતી જે સન ૨૦૧૪–૧૫ની સ્થિતિએ ૧૧૩ની સામે ૬૨ જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે.**

**૪૬. ઉપર્યુકત વિગતો ધ્યાનમાં લેતા વિભાગ અગાઉ કરતાં હાલની પરિસ્થિતિને કઇ રીતે ઘણી જ સારી કહે છે તે સમિતિને સમજાતું નથી. કુશળ અને તાલીમબદ્ધ માનવશકિત હોવી એ આધુનિક સંદેશાવ્યવહાર પદ્ધતિના સુચારુ સંચાલન માટે અત્યંત આવશ્યક છે. આ જગ્યાઓ પૈકી વાયરલેસ ઇન્સ્પેકટરની જગ્યાઓ બઢતીથી ભરવાની હતી પરંતુ કોર્ટ કેસના કારણે આ પ્રક્રિયા અટકી ગયેલ છે જયારે વાયરલેસ સબ ઇન્સ્પેકટરની જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા પ્રગતિમાં છે. ત્યારે સાત વર્ષના ગાળા દરમિયાન વિભાગે ભરતી પ્રક્રિયા માટે પૂરતા પ્રયત્નો કર્યા હોય તેમ સમિતિને લાગતું નથી. સંદેશાવ્યવહાર વિભાગની કામગીરીનું મહત્વ જોતાં આ જગ્યાઓ વહેલામાં વહેલી તકે ભરાય તે અત્યંત જરૂરી છે. આથી આ જગ્યા જેમ બને તેમ જલદી ભરી દેવા માટે જરૂરી કાર્યવાહી કરવા સમિતિ આથી ભલામણ કરે છે.**

**૪૭. ફકરા ક્રમાંકઃ– ૧.૧.૧૩.૧ પ્રદૂષણ માપક સાધનોની ખરીદીમાં ખામીયુકત આયોજન.**

ઓડિટ અહેવાલના આ ફકરામાં જણાવ્યા મુજબ ભારત સરકારે વર્ષ ૨૦૦૫–૦૬ માટેના વાર્ષિક આયોજનમાં રસ્તા પર દોડતા જાહેર વાહનો થકી ફેલાતા પ્રદૂષણ માપવા માટેના સાધનો માટે રૂ.૩૦ લાખ મંજૂર કર્યા હતા. વાહનવ્યવહાર વિભાગ એ ગૃહ વિભાગ હસ્તક હોવા છતાં એપ્રુવલ ઓફ એન્યુઅલ પ્લાનમાં આવા સાધનોની ખરીદીનો સમાવેશ વાજબી ન હતો કારણકે યોજના ફકત પોલીસ દળના આધુનિકીકરણ માટેની જ હતી.

૪૮. ઓડિટ અહેવાલના વિગતવાર ખુલાસામાં વિભાગે જણાવેલ છે કે આ સાધનો પ્રદૂષણ માપવા માટે વધારે સમય લેતા હતા, જેના કારણે વિલંબ થતો હતો અને પોલીસની મૂળભૂત ફરજ કાયદો અને વ્યવસ્થાની જાળવણીની હોઇ તેમાં બાધારૂપ ન બને તે માટે ગૃહ વિભાગ હસ્તકના વાહન વ્યવહાર કમિશનરને આ સાધનો તબદીલ કરવામાં આવેલ હતા.

૪૯. સમિતિ સમક્ષ રૂબરૂ તપાસ વખતે સમિતિને જણાવવામાં આવ્યું હતું કે પ્રદૂષણ માપવા માટેના સાધનો માર્ચ–૨૦૦૬માં ખરીદ કરવામાં આવેલ અને સાધનોની ડીલીવરી લીધા પછી ખાનગી કંપની પાસે તપાસ કરાવવામાં આવી,જેનો રિપોર્ટ તા.૧૯–૬–૨૦૦૬ના રોજ મળ્યો હતો.

૫૦. **વિભાગ દ્વારા ઓડિટ અહેવાલના વિગતવાર ખુલાસા તથા વિભાગના પ્રતિનિધિના જવાબ પરથી એ સ્પષ્ટ જણાઇ આવે છે કે ડીલીવરી લેતા પહેલાં મશીનની ચકાસણી કરાવી લેવી જોઇતી હતી, જે કરાવવામાં આવેલ નથી. ડીલીવરી લીધા પછી જાણવા મળ્યું કે આ મશીન પરિણામ આપવામાં ખૂબ વિલંબ કરતા હતા. આવી ચકાસણીના અભાવે પ્રદૂષણ માપક સાધનોની ખરીદી પેટે કરેલ ખર્ચ વ્યર્થ ગયો છે. જે યંત્રો સાચા પરિણામો આપતા ન હોય તો તેવા યંત્રો કોઇપણ જગ્યાએ તબદીલ કરવાથી પરિસ્થિતિમાં કોઇ ફરક પડતો નથી. પોલીસદળના આધુનિકીકરણની યોજના ફકત પોલીસ દળ માટેની જ હતી તેમ છતાં પ્રદૂષણ માપક યંત્રની ખરીદી માટે એપ્રુવલ ઓફ એન્યુઅલ પ્લાનમાં તેનો સમાવેશ કેમ કરવામાં આવ્યો તેની તથા આ સમગ્ર ખરીદી અને ત્યારબાદ ડીલીવરી લેતા પહેલાં તેની ચકાસણી શા માટે કરાવવામાં ન આવી તે સંબંધમાં ઉચ્ચ કક્ષાએ એક અલાયદી તપાસ**

**કરાવી આ સંબંધમાં જે કોઇ જવાબદાર હોય તેની સામે જરૂરી કાર્યવાહી કરવા સમિતિ આથી ભલામણ કરે છે.**

૫૧ **પ્રકિર્ણ:-**

૩૧મી માર્ચ, ૨૦૦૯ના રોજ પૂરા થતાં વર્ષ માટેના ઓડીટ અહેવાલ(મુલ્કી) પરના ખુલાસા તૈયાર કરીને વિભાગ દ્વારા વિધાનસભા સચિવાલયને મોકલવામાં આવ્યા હતા તે ખુલાસાઓ જોતાં અમુક ખુલાસાઓમાં માહિતી આપવામાં ઘણી ક્ષતિઓ જોવા મળી હતી તેમજ ખુલાસાના સમર્થનમાં જે વધારાના પત્રકો જોડવા જોઇએ તેનો ઉલ્લેખ ખુલાસામાં કરવામાં આવ્યો હતો પરંતુ વાસ્તવમાં આવું પત્રક ખુલાસાની સાથે ક્યાંય જોડવામાં આવેલ ન હતું. **આથી સમિતિના ઉપયોગ માટે મોકલવામાં આવનાર સાહિત્ય કાળજી લઇને તૈયાર કરવું જોઇએ. વિભાગ કક્ષાએથી જે કોઇ અધિકારીઓએ આ સાહિત્ય તૈયાર કર્યું હતું તે અધિકારીઓની આવી બેદરકારી બદલ જવાબદારી નક્કી કરી તેઓની સામે પગલાં લેવામાં આવે તેવી સમિતિ ભલામણ કરે છે.**

**૫૨.** રૂબરૂ તપાસ દરમિયાન ઔપચારિક ચર્ચા વખતે સમિતિએ ભરતી કેલેન્ડર અમલમાં આવ્યા બાદ પોલીસદળમાં મંજૂર થયેલ કુલ મહેકમ સામે વર્ષવાર કેટલી જગ્યાઓ ખાલી પડી, તેની સામે કુલ કેટલી જગ્યાઓ ભરવામાં આવી અને વર્ષાંતે કુલ કેટલી જગ્યાઓ ખરેખર ખાલી રહી તે મોકલી આપવા જણાવ્યુ હતું કે જેથી પોલીસદળમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ ક્યારે ભરાશે તેનો અંદાજ કાઢી શકાય. ઉક્ત વધારાની માહિતી વિભાગે મોકલી આપી હતી. વિભાગે મોકલેલ માહિતી જોતાં ભરતી કેલેન્ડર લાગુ પડ્યા પછીની વર્ષવાર માહિતી મોકલવાને બદલે છેલ્લી અદ્યતન વિગતો મોકલી આપી હતી. આ માહિતી જોતાં આઇ.પી.એસ. અધિકારીઓ પૈકી પોલીસ મહાનિર્દેશકની ૫ માંથી ૧, અધિક પોલીસ મહાનિર્દેશકની ૨૦ માંથી ૨, પોલીસ મહાનિરીક્ષકની ૩૨ માંથી ૭, નાયબ પોલીસ મહાનિરીક્ષકની કુલ ૨૫ માંથી ૭ અને પોલીસ અધિક્ષકની કુલ ૧૧૫ માંથી ૩૩ જગ્યાઓ ખાલી હતી. નાયબ પોલીસ અધિક્ષક (બિન હથિયારી)ની ૨૮૮ માંથી ૯૧ જગ્યાઓ અને નાયબ પોલીસ અધિક્ષક(હથિયારી)ની ૮૮ જગ્યાઓમાંથી ૨૨ જગ્યાઓ ખાલી હતી. પોલીસ ઇન્સ્પેક્ટર વર્ગ–૨ની કુલ ૧૨૫૭ સામે ૪૦૯ જગ્યાઓ ખાલી હતી, જે પૈકી મહિલા પોલીસ ઇન્સ્પેક્ટરની કુલ ૪૨ માંથી માત્ર ૯ જગ્યાઓ ભરાયેલી હતી અને ૩૩ જગ્યાઓ ખાલી હતી જે ગંભીર બાબત જણાય છે. સમગ્રપણે જોતાં સમિતિને લાગે છે કે પોલીસ ઇન્સ્પેક્ટરની લગભગ ૩૩% જગ્યાઓ ખાલી છે. વર્ગ–૩ની પોલીસદળની કુલ મંજૂર ૧,૦૩,૮૫૧ જગ્યાઓ સામે ૨૮,૪૦૯ જગ્યાઓ ખાલી છે, જે લગભગ ૩૦% જેટલી થાય છે. તે જ રીતે યાંત્રિક સંવર્ગની વર્ગ–૨ની કુલ ૪૫ જગ્યાઓ સામે ૭ જગ્યાઓ ખાલી છે. વર્ગ–૩ની કુલ ૧૩૮૧ સામે ૬૩૬ જેટલી જગ્યાઓ ખાલી છે, જ લગભગ ૪૦% થી વધારે પ્રમાણમાં જગ્યાઓ ખાલી છે એમ ફલિત થાય છે.

**૫૩. પોલીસ દળ રાજ્યના લોકોના જાનમાલના રક્ષણની સાથોસાથ કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી સંભાળે છે ત્યારે દિવસે દિવસે વધતી જતી જનસંખ્યા સામે ગુનાખોરીનું પ્રમાણ પણ વધતું જાય છે ત્યારે પોલીસ દળમાં આટલી મોટી સંખ્યામાં જગ્યાઓ ખાલી રહે તે કોઈ પણ સંજોગોમાં વાજબી જણાતું નથી. તેથી જરૂર જણાય તો પોલીસ દળની ખાલી જગ્યાઓ ભરવા સંબંધમાં ભરતી કેલેન્ડરને ધ્યાને લેવા ઉપરાંત ખાલી જગ્યાઓ સત્વરે ભરવામાં આવે તેવી સમિતિ ભલામણ કરે છે.**

**૫૪.** ખર્ચમાં કરકસર માટે સમિતિએ સમિતિની કાર્યવાહીનો શબ્દશ: અહેવાલ નહી છાપવાનું નક્કી કર્યું છે અને શબ્દશ: કાર્યવાહીની ત્રણ નકલો ગુજરાત વિધાનસભા ગ્રંથાલયમાં રાખવાનું નક્કી કર્યું છે.

**૫૫.** સમિતિ એકાઉન્ટન્ટ જનરલ ઓડિટ-૧ અને ઓડિટ-૨, નાણા વિભાગના સચિવ અને ગુજરાત વિધાનસભા સચિવાલયના અધિકારીઓ તથા કર્મચારીઓએ સમિતિના કામકાજમાં આપેલી અમૂલ્ય સહાય બદલ તેમનો આભાર માને છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર
તા.૦૭-૦૨-૨૦૧૭

**શક્તિસિંહ ગોહિલ**
પ્રમુખ
જાહેર હિસાબ સમિતિ

# નિરીક્ષણો/તારણો/ભલામણોનો ટૂંકસાર

| ક્રમ | ફકરા નંબરનો સંદર્ભ | નિરીક્ષણો/તારણો/ભલામણો |
|---|---|---|
| ૧. | ૧.૧.૮.૧ | સમિતિને કોમ્યુનિકેશન ગેપને કારણે SLEC ની રચના સમયસર થઈ શકી નહિ તેવો બચાવ સ્વીકાર્ય જણાતો નથી. કારણ કે સન ૨૦૦૦-૦૧થી યોજના શરૂ કરવામાં આવી હતી અને ફેબ્રુઆરી-૨૦૦૭ સુધી SLEC ની રચના કરવા સંબંધમાં વિભાગને કોઈ માહિતી જ ન હોય તેમ માનવાને કોઈ કારણ નથી. કેન્દ્ર સરકાર સાથે એક યા બીજી રીતે વિભાગનો સંપર્ક તો રહેતો જ હોય છે અને આ અંગે માહિતી મળી શકે તે હકીકત છે. ભારત સરકારની માર્ગદર્શિકા મુજબની સુગઠીત યોજના તૈયાર કરીને ન મોકલવાને કારણે જરૂરીયાત મુજબના નાણાં મળી શક્યા નહિ. સુગઠીત યોજના તૈયાર કરવામાં ઉદાસીનતા અને SLEC ની રચના કરવામાં થયેલ અત્યંત વિલંબ બદલ જવાબદારી નક્કી કરીને જે કોઈ જવાબદાર હોય તેની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા અને સમિતિને તેની જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.<br><br>વધુમાં સમિતિને લાગે છે કે રાજ્ય સરકાર પોલીસ દળના આધુનિકીકરણ માટે લાંબા ગાળાનો પ્લાન બનાવે તે અત્યંત જરૂરી છે અને આ પ્લાન રાજ્ય સ્તરની સંકલન સમિતિ (SLEC) મારફતે સમયસર કેન્દ્ર સરકારને મોકલવાનું સુનિયોજીત તંત્ર ગોઠવે જેથી ભવિષ્યમાં આ પ્રકારના પ્રશ્નો ઉપસ્થિત ન થાય. તેથી આ દિશામાં જરૂરી કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૨. | ૧.૧.૮.૨ | ભવિષ્યમાં આવો વિલંબ ન થાય તે માટે ઠરાવેલ સમયગાળા દરમિયાન જે માહિતી આપવાની થતી હોય તે માહિતી તે સમયગાળા દરમિયાન જ પૂરી પાડવામાં આવે અને તે માટે એક ચોક્કસ વ્યવસ્થાતંત્ર ઉભું કરવામા આવે તેવી સમિતિ ભલામણ કરે છે. તદુપરાંત કેન્દ્ર સરકાર તરફથી આપવામાં આવેલ નાણાંનો સમયસર ઉપયોગ કર્યા બાદ તેનું યુટિલાઈઝેશન સર્ટીફિકેટ સમયસર આપવામાં આવે તે માટે પૂરતી ચીવટ રાખવા સમિતિ ભલામણ કરે છે. |
| ૩. | ૧.૧.૯ | સમિતિ માને છે કે બદલાતાં જતાં સમયમાં જ્યારે ગુન્હાઓનો વ્યાપ વધતો જાય છે ત્યારે રાજ્યના પોલીસ ખાતા પાસે અદ્યતન ટેકનોલોજી હોવી અત્યંત આવશ્યક છે. એપ્રુવલ ઓફ એન્યુઅલ પ્લાન (AAP) માં જ્યારે દરખાસ્ત કરવાની હોય ત્યારે તમામ પાસાંઓને ધ્યાનમાં લઈને જો દરખાસ્ત |

| ક્રમ | ફકરા નંબરનો સંદર્ભ | નિરીક્ષણો/તારણો/ભલામણો |
|---|---|---|
| | | કરવામાં આવી હોત તો જે હેતુ માટે નાણાં ફાળવવામાં આવ્યા હતા તે નાણાં વણવપરાયેલા રહેતા નહિ. સન ૨૦૦૮-૦૯ના ઓડિટ ફકરામાં જેનો ઉલ્લેખ છે તે સિસ્ટમ ૨૦૧૫-૧૬માં પણ આપણે ખરીદી શક્યા નથી. આથી એપ્રુવલ ઓફ એન્યુઅલ પ્લાનમાં કરવામાં આવેલી દરખાસ્ત અમલીકરણના સ્ટેજ પર અટકે નહીં અને રાજ્યના તંત્રને મળવાપાત્ર અદ્યતન સુવિધા વિલંબિત ન થાય તે માટે જ્યારે એપ્રુવલ ઓફ એન્યુઅલ પ્લાન (AAP) માં દરખાસ્ત કરવામાં આવે ત્યારે તાંત્રિક પરિસ્થિતિ અને ઉપલબ્ધ અદ્યતન ટેકનોલોજીને ધ્યાનમાં રાખીને જ દરખાસ્ત કરવા સમિતિ ભલામણ કરે છે. આ ઉપરાંત ટેકનોલોજી આધારિત કોઇપણ દરખાસ્ત કરતાં પહેલાં તેમાં વધારે સંશોધન થવાનો અવકાશ છે કે કેમ અને તેમાં નજીકના ભવિષ્યમાં વધુ સંશોધન થવાની સંભાવના છે કે કેમ તે સંબંધમાં સૌ પ્રથમ એક્સપર્ટ ઓપિનીયન લેવાનું ધોરણ રાખવા અને ત્યારબાદ જ આવી દરખાસ્ત કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૪. | ૧.૧.૯.૪ | સમિતિ માને છે કે એક વખત જે હેતુ માટે ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ હોય અને ગમે તે કારણસર તેવી ગ્રાન્ટ વણવપરાયેલ રહે અને તેને રિવેલીડેટ કરવામાં આવે તો શરૂઆતમાં મૂળ ગ્રાંટ જે હેતુ માટે મંજૂર થયેલ હોય તે હેતુ માટે જ આવી રિવેલીડેટ થયેલી ગ્રાન્ટ પણ વાપરવી જોઇએ અન્યથા હેતુફેર કરાવીને તેનો ઉપયોગ કરવો જોઇએ,જેથી નાણાકીય શિસ્ત જળવાઈ રહે. આથી ભવિષ્યમાં આવી બાબતનું પુનરાવર્તન ન થાય તેની કાળજી રાખવા સમિતિ ભલામણ કરે છે. |
| ૫. | ૧.૧.૧૦ | સમિતિ માને છે કે પોલીસ દળમાં વાહનોની સંખ્યા વધારવા માટે વિભાગ દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવી રહેલ છે છતાં તેને વધુ ગુણવત્તાસભર બનાવવાની જરૂર લાગે છે. લાઇટ મોટર વ્હીકલની સામે ઉપલબ્ધ વાહનોની સંખ્યા હજી ઘણી ઓછી છે. આથી BPR & D ની માર્ગદર્શિકા મુજબના વાહનો પોલીસ દળમાં સામેલ કરવામાં આવે તે માટે પ્રયત્નશીલ રહેવા સમિતિ આથી ભલામણ કરે છે.<br><br>વિભાગના પ્રતિનિધિએ એક તબક્કે સમિતિને જણાવ્યું હતું કે વાહનોના રિપ્લેસ માટે રાજયના બજેટમાં જે નાણાં મળે છે તે જરૂરિયાત કરતાં ઓછા છે તે ધ્યાનમાં લેતાં આ હેતુ માટે સરકારે પણ જરૂરિયાત મુજબના નાણાં ફાળવવા તેવી સમિતિ ભલામણ કરે છે. |

| ક્રમ | ફકરા નંબરનો સંદર્ભ | નિરીક્ષણો/તારણો/ભલામણો |
| --- | --- | --- |
| ૬. | ૧.૧.૧૦.૧ | વિભાગે તા. ૩૦-૪-૨૦૧૫ની સ્થિતિએ પૂરી પાડેલ માહિતી જોતાં ટુ વ્હીલર્સ અને ફોર વ્હીલર્સની જરૂરિયાતને પહોંચી વળવા માટે સરકાર વધુ અસરકારક પગલાં ભરે તેવી સમિતિ ભલામણ કરે છે. આ વિગતોનું પૃથ્થકરણ કરતાં સમિતિના ધ્યાન પર આવ્યું હતું કે સરહદી જિલ્લાઓ પૈકી કચ્છ જિલ્લાના ૨૨ પોલીસ સ્ટેશનોમાં કુલ ૪૪ ફોર વ્હીલર હોવા જોઈએ તેની સામે ૩૩ ફોર વ્હીલર છે, બનાસકાંઠાના ૧૫ પોલીસ સ્ટેશન એવા છે કે જેમાં માત્ર એક જ ફોર વ્હીલર છે. રાજ્યની સરહદે આવેલા પોલીસ સ્ટેશનોમાં પોલીસ સ્ટેશન દીઠ બે ફોર વ્હીલર તો ઓછામાં ઓછા હોવા જ જોઈએ. આથી સરહદી જિલ્લાઓમાં સરહદ પરના પોલીસ સ્ટેશનોમાં ફોર વ્હીલર તેમજ ટુ વ્હીલરની ઘટ રહેવા ન પામે તે જોવા અને જ્યાં આવી ઘટ હોય ત્યાં તેવી ઘટ તાત્કાલિક ધોરણે દૂર કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૭. | ૧.૧.૧૧.૨ | સમિતિને લાગે છે કે આપણું રાજ્ય એક સરહદી રાજ્ય છે. આપણે પાકિસ્તાનની બોર્ડરથી નજીક છીએ અને સાથોસાથ દરિયાઈ સરહદ પણ સ્પર્શે છે તથા પાકિસ્તાન સાથે આપણા સંબંધો હંમેશા તણાવગ્રસ્ત રહયા છે, ત્યારે સ્થાનિક પોલીસ દળ પાસે શસ્ત્રો અને દારૂગોળાની ઘટ રહે તેનાથી રાજ્યની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર નકારાત્મક અસર પડી શકે તે એક ચિંતાનો વિષય છે. જયારે પ્લાનીંગ કરવામાં આવે ત્યારે જ આ બાબતની કાળજી લેવાવી જોઈતી હતી. હવે ભવિષ્યમાં આ પ્રકારની દારૂગોળાની અછત ન સર્જાય તે અંગે પૂરતી કાળજી રાખવા સમિતિ ભલામણ કરે છે. |
| ૮. | ૧.૧.૧૧.૪ | સમિતિને લાગે છે કે ઓડિટે માર્ચ-૨૦૦૯માં ખાલી જગ્યાઓ અંગે અવલોકન કર્યા બાદ તેમાં સુધારો થવો જોઈએ તેના બદલે તેનાથી પણ ખરાબ પરિસ્થિતિ મે-૨૦૧૬ની સ્થિતિએ ઉભી થવા પામેલ છે. એક તરફ જયારે વૈશ્વિક આતંકવાદનો ખતરો દેશ અને રાજ્ય પર સતત મંડરાતો રહેતો હોય ત્યારે આતંકવાદ વિરોધી દળમાં ૫૦ ટકા જેટલી જગ્યાઓ ખાલી હોય તેમજ તેને પૂરતા હથિયારો પણ આપવામાં આવતા ન હોય તે બાબત અત્યંત દુ:ખદ અને ગંભીર છે. ત્રાસવાદી સંગઠનો તરફથી રાજ્યની આંતરિક સલામતી સામે વધતા જતા પડકારોનો અસરકારક સામનો કરવા માટે ATSની કામગીરીને સક્ષમ બનાવવામાં વિભાગે ઉપેક્ષા દાખવી હોય તેમ જણાય છે. ATS માં રહેલ ખાલી જગ્યાઓ તાત્કાલિક ભરવા અને તેને વિના વિલંબે આધુનિક શસ્ત્ર સરંજામ પૂરો પાડવા સમિતિ ભલામણ કરે છે. |

| ક્રમ | ફકરા નંબરનો સંદર્ભ | નિરીક્ષણો/તારણો/ભલામણો |
|---|---|---|
| | | ઓડિટ ફકરામાં માર્ચ-૨૦૦૯માં અવલોકન કરવામાં આવેલ છે કે આતંકવાદ વિરોધી દળમાં ફરજ બજાવતા પોલીસ કર્મીઓને કોઈ વિશિષ્ટ તાલીમ આપવામાં આવતી નથી. સરકારે આ સાત વર્ષના ગાળામાં વિશિષ્ટ પ્રકારની તાલીમ માટે કોઈ પ્રયત્નો કરેલા છે કે કેમ તેની પણ સમિતિને કોઈ માહિતી આપવામાં આવી નથી. આથી હવે આ પોલીસ કર્મીઓને આતંકવાદ સામે લડવા માટે જરૂરી એવી વિશિષ્ટ તાલીમ આપવાની બાબતમાં યોગ્ય કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.<br>તા.૧૩-૧૦-૧૫ના રોજ સમિતિ સમક્ષ રુબરુ તપાસ વખતે ADG(ATS) ઉપસ્થિત રહ્યા ન હતા તે બાબતની સમિતિએ ગંભીર નોંધ લીધી છે. જાહેર હિસાબ સમિતિ જેવી મહત્વની સમિતિ સમક્ષ આ રીતે જવાબદાર અધિકારી ઉપસ્થિત ન રહે તે કોઈ પણ રીતે યોગ્ય નથી તેમ સમિતિને લાગે છે. ભવિષ્યમાં સમિતિ સમક્ષ સંબંધિત જવાબદાર અધિકારી અચૂક ઉપસ્થિત રહે તે માટે જરૂરી સૂચનાઓ બહાર પાડવા સમિતિ આથી ભલામણ કરે છે. |
| ૯. | | સમિતિને જણાયું હતું કે પોલીસ વાયરલેસ ઈન્સ્પેકટરની ૨૮-૫-૨૦૧૦ની સ્થિતિએ ૩૨ જગ્યા સામે ૦૫ જગ્યા ખાલી હતી જયારે સન ૨૦૧૪-૧૫ની સ્થિતિએ ૩૪ જગ્યાની સામે ૧૪ જગ્યાઓ ખાલી છે પોલીસ વાયરલેસ સબ ઈન્સ્પેકટરની તા.૨૮-૫-૨૦૧૦ની સ્થિતિએ ૩૭૧ જગ્યા સામે ૧૮૭ જગ્યા ખાલી હતી. જ્યારે ૨૦૧૪-૧૫ની સ્થિતિએ ૪૦૬ જગ્યાની સામે ૪૨ જગ્યા ખાલી છે. તેવી જ રીતે રેડીયો ઓપરેટરની ૨૮-૫-૨૦૧૦ની સ્થિતિએ ૩૪૯ જગ્યાઓ સામે ૬૨ જગ્યા ખાલી હતી જયારે સન ૨૦૧૪-૧૫ની સ્થિતિએ ૪૮૩ જગ્યાઓની સામે ૧૯૧ જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે. રેડીયો ટેકનીશીયનની ૨૮-૫-૨૦૧૦ની સ્થિતિએ ૧૦૦ જગ્યા સામે ૨૦ જગ્યાઓ ખાલી હતી જે સન ૨૦૧૪-૧૫ની સ્થિતિએ ૧૧૩ની સામે ૬૨ જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે.<br>ઉપર્યુકત વિગતો ધ્યાનમાં લેતા વિભાગ અગાઉ કરતાં હાલની પરિસ્થિતિને કઈ રીતે ઘણી જ સારી કહે છે તે સમિતિને સમજાતું નથી. કુશળ અને તાલીમબદ્ધ માનવશકિત હોવી એ આધુનિક સંદેશાવ્યવહાર પદ્ધતિના સુચારુ સંચાલન માટે અત્યંત આવશ્યક છે. આ જગ્યાઓ પૈકી વાયરલેસ ઈન્સ્પેકટરની જગ્યાઓ બઢતીથી ભરવાની હતી પરંતુ કોર્ટ કેસના કારણે આ પ્રક્રિયા અટકી ગયેલ છે જયારે વાયરલેસ સબ ઈન્સ્પેકટરની જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા પ્રગતિમાં છે. ત્યારે સાત વર્ષના ગાળા દરમિયાન વિભાગે ભરતી પ્રક્રિયા માટે પૂરતા પ્રયત્નો કર્યા હોય તેમ |

| ક્રમ | ફકરા નંબરનો સંદર્ભ | નિરીક્ષણો/તારણો/ભલામણો |
|---|---|---|
| | | સમિતિને લાગતું નથી. સંદેશાવ્યવહાર વિભાગની કામગીરીનું મહત્વ જોતાં આ જગ્યાઓ વહેલામાં વહેલી તકે ભરાય તે અત્યંત જરૂરી છે. આથી આ જગ્યા જેમ બને તેમ જલદી ભરી દેવા માટે જરૂરી કાર્યવાહી કરવા સમિતિ આથી ભલામણ કરે છે. |
| ૧૦. | ૧.૧.૧૩.૧ | વિભાગ દ્વારા ઓડિટ અહેવાલના વિગતવાર ખુલાસા તથા વિભાગના પ્રતિનિધિના જવાબ પરથી એ સ્પષ્ટ જણાઇ આવે છે કે ડીલીવરી લેતાં પહેલાં મશીનની ચકાસણી કરાવી લેવી જોઇતી હતી, જે કરાવવામાં આવેલ નથી. ડીલીવરી લીધા પછી જાણવા મળ્યું કે આ મશીન પરિણામ આપવામાં ખૂબ વિલંબ કરતા હતા. આવી ચકાસણીના અભાવે પ્રદૂષણ માપક સાધનોની ખરીદી પેટે કરેલ ખર્ચ વ્યર્થ ગયો છે. જે યંત્રો સાચા પરિણામો આપતા ન હોય તો તેવા યંત્રો કોઇપણ જગ્યાએ તબદીલ કરવાથી પરિસ્થિતિમાં કોઇ ફરક પડતો નથી. પોલીસદળના આધુનિકીકરણની યોજના ફક્ત પોલીસ દળ માટેની જ હતી તેમ છતાં પ્રદૂષણ માપક યંત્રની ખરીદી માટે એપ્રુવલ ઓફ એન્યુઅલ પ્લાનમાં તેનો સમાવેશ કેમ કરવામાં આવ્યો તેની તથા આ સમગ્ર ખરીદી અને ત્યારબાદ ડીલીવરી લેતા પહેલાં તેની ચકાસણી શા માટે કરાવવામાં ન આવી તે સંબંધમાં ઉચ્ચ કક્ષાએ એક અલાયદી તપાસ કરાવી આ સંબંધમાં જે કોઇ જવાબદાર હોય તેની સામે જરૂરી કાર્યવાહી કરવા સમિતિ આથી ભલામણ કરે છે. |
| | | **પ્રકિર્ણ**<br>સમિતિના ઉપયોગ માટે મોકલવામાં આવનાર સાહિત્ય કાળજી લઇને તૈયાર કરવું જોઇએ. વિભાગ કક્ષાએથી જે કોઇ અધિકારીઓએ આ સાહિત્ય તૈયાર કર્યું હતું તે અધિકારીઓની આવી બેદરકારી બદલ જવાબદારી નક્કી કરી તેઓની સામે પગલાં લેવામાં આવે તેવી સમિતિ ભલામણ કરે છે.<br>પોલીસ દળ રાજ્યના લોકોના જાનમાલના રક્ષણની સાથોસાથ કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી સંભાળે છે ત્યારે દિવસે દિવસે વધતી જતી જનસંખ્યા સામે ગુનાખોરીનું પ્રમાણ પણ વધતું જાય છે ત્યારે પોલીસ દળમાં આટલી મોટી સંખ્યામાં જગ્યાઓ ખાલી રહે તે કોઇ પણ સંજોગોમાં વાજબી જણાતું નથી. તેથી જરૂર જણાય તો પોલીસ દળની ખાલી જગ્યાઓ ભરવા સંબંધમાં ભરતી કેલેન્ડરને ધ્યાને લેવા ઉપરાંત ખાલી જગ્યાઓ સત્વરે ભરવામાં આવે તેવી સમિતિ ભલામણ કરે છે. |

---------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.